- ⇨ ઉપનિષદ નવનીત, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ
- ⇨ વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગાંધીનગર

* ડો. એસ.એ.કુરેશી

Arts [SOCIOLOGY]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 45 - 48
ISSN 2319 - 8168

શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિય શિક્ષણની આવશ્યકતા.

૧. પ્રસ્તાવના :

૨૧ મી સદી જ્ઞાનની સદી ગણાય છે વિજ્ઞાનના વિકાસની સદી ગણાય છે. ભૌતિક સુવિધાસભર અને ટેકનોલોજીની સદી ગણાય છે. અર્થાત પ્રચીન મધ્યકાળ કરતાં અર્વાચીન સમય ઉધ્વગામી પરિસ્થિતિનો ગણી શકાય. છતાં પણ આજે સમાજમાં કેટલીક પરિસ્થિત જન્ય સમસ્યાઓ ઉદભવની જ રહે છે. વિશ્વના દેશોમાં ભ્રષ્ટાચાર, દુરાચાર, મોંઘવારી, બેરોજગારી, ભ્રૃણહત્યા, અન્યાય–અનીતી,બળાત્કાર,યૌનશોષણજેવી સમસ્યાઓનું પ્રમાણ દિવસે દિવસે વધતું જ રહયુ છે.દૈનિકપત્રોમાં,ટી.વી. મિડીયા પર સારા સમાચારના સ્થાને સમસ્યાવાળા સમાચારની વણઝાર જોવા અને સાંભળવા મળતી રહે છે. તેમાંથી એક વર્તમાન સમયની લાંછનભરી સમસ્યા યૌનશોષણ છે.

જાતિયવૃતિ મનુષ્યના જીવનમાં મહત્વનું સ્થાન ધરાવે છે. દરેક પુરુષ અને સ્ત્રીના જીવનવિકાસમાં અને કુટુંબ જીવનની સ્થિરતામાં જાતિયવૃતિની યોગ્ય અભિવ્યકિત અગત્યતાનો ભાગ ભજવે છે. આથી માનવીની જાતિયવૃતિ સાથે સંકળાયેલી બાબતો વિશે વૈજ્ઞાનિક રીતે વિચારણા કરવાનું હવે ખુબ જરૂરી ગણાવા લાગ્યુ છે. એટલુ જ નહી પણ યોગ્ય ઉમરે વ્યકિતને જાતીય શિક્ષણ આપવાની બાબતને હવે બૌધ્ધિક જગતમાં જરૂરી માનવામાં આવે છે.

યૌનશોષણ બળાત્કારના કેસ દિન–રાત ગામડા,શહેર,રાજય કે દેશમાં વધતા રહયા છે.જેમાં આમ નાગરીકમાંથી શિક્ષત વ્યકિત,અભણ,વ્યકિત,ધાર્મિક વ્યકિત,રાજકીય વ્યકિત બાકાત રહેતી નથી. સમાજમાં મૂલ્યનું હનનના કારણે નાબાલિક અને ગભરું બાળાઓપર યુવાન,પ્રૌઢ અને વૃધ્ધ પુરુષો ધ્વારા યૌન શોષણનું પ્રમાણ વધ્યું છે. ધનિકો,રાજકીય, ધર્મ લંપટ(કામવિલાસી યૌન શોષણકારો) થી બચવા માટે સમાજને જાગૃત થવાની આજે તાતી જરૂર છે. સમાજ અને સરકારે આ મહાભયંકર સમસ્યાનું નિરાકરણ લાવવા માટે કડક કાયદા અને તેનું સત્ય અમલીકરણ કરવું અને કરાવવું જરૂરી છે. આની સાથે શૈક્ષણિક સંસ્થાઓમાં પણ જાતિય શિક્ષણ આપવાથી લાખો અને કરોડો બાલિકાઓ, યુવતીઓ અને સ્ત્રીઓ યૌન શોષણથી બચી શકે છે.

પાશ્ચાત્ય દેશોમાં જાતિય શિક્ષણની વ્યાપક વ્યવસ્થા અને આયોજન છે. જયારે આપણા ભારતદેશમાં જાતિય શિક્ષણનો વિચાર નવીન અને સંકુચિત છે. છોછવાળો વિચાર છે. આવુ શિક્ષણ ન આપી શકાય. ટુંકી દ્રષ્ટિવાળો વિચાર છે. આના કારણે જ યૌન શોષણની સમસ્યા સમાજમાં વિકસતી જાય છે. હવે સમાજ શિક્ષણકારોએ અને સરકારે ટુંકી દષ્ટિછોડીને બહાર આવવું પડશે અને નવીન વિચારધારાનો અમલ કરવો પડશે અને યૌન શાોષણની સમસ્યામાંથી મુકત થવા શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિય શિક્ષણ આવકાર્ય બનાવવું જરૂરી છે આધુનિક જમાનામાં પ્રત્યેક મા–બાપે / વાલીએ અને શિક્ષકોએ તરુણાવસ્થાના બાળ કો પ્રત્યે ઉપેક્ષા સેવવી યોગ્ય નથી. તેમની કુદરતી અને સ્વાભાવિક સ્થિતિનો સ્વીકાર કરવો જરૂરી છે. આથી જ યુવાનીના ઉંબરે ઉભેલા તરુણોમાં શાળા કક્ષાએ જાતિય શિક્ષણ આપીને ચારિત્ર્ય નિમાર્ણ કરવું અત્યંત જરૂરી છે.

૨.જાતીય શિક્ષણનો અર્થ : Meaning of Sex Education

જાતીય શિક્ષણનો અર્થ સ્પષ્ટ કરતાં કહી શકાય કે યુવાન વ્યકિતઓ પોતાની જાતિયવૃતિ સાથે સંકળાયેલી સમસ્યાઓને પહોચી વળી શકે તે રીતે તેમને તૈયાર કરવા જરૂરી બનતા વ્યવસ્થિત શિક્ષણને કે યોગ્ય માર્ગદર્શનને જાતીય શિક્ષણ તરીકે ઓળખાવી શકાય.

જાતીય શિક્ષણના હેતુંને ધ્યાનમાં લઈને તેનો અર્થ દર્શાવતા કહી શકાય કે વ્યકિતની જાતિય લાગણીઓ સાથે તેનું યોગ્ય અનુકુલન સધાય જેના પરિણામે સમાજનું કલ્યાણ થાય અને વ્યકિતની ઈચ્છાઓનો સંતોષ પણ મળી રહે એવા પ્રકારના શિક્ષણને જાતીય શિક્ષણ તરીકે ઓળખાવી શકાય.

આપણો ભારતીય સમાજ સંકુલ અવસ્થાવાળો છે. જેથી જાતિય શિક્ષણનું ચિત્ર નિરાશાજનક છે. ખાસ કરીને ગ્રામ્ય અને અંતરીયાળ વિસ્તારના સમાજોમાં જાતિય સમજ કે શિક્ષણનો વિચાર પણ કોઈ કરતું નથી. સંકુચિત જ કરે છે. અને તેઓ જે તે સમયે અર્થાત પતિ – પત્નીના દરજજામાં આવ્યા બાદ જાતે જ જાતિય જ્ઞાન આપો આપ મેળવી લેશે એવી ભ્રમણા સેવે છે.

* અધ્યક્ષશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, એસ.બી. મહિલા આર્ટસ કોલેજ, હિંમતનગર

અને આના કારણે જાતિય જ્ઞાન કે શિક્ષણના અભાવે સમાજમાં લગ્ન કર્યા પછી સમસ્યાનો ભોગ બનતા હોય છે.

એક અર્થ પ્રમાણે '' જાતિય શિક્ષણ એટલે બાળક અને તરુણોને જાતિય બાબતો સંબંધી યથાર્થ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન.''

મનોવૈજ્ઞાનિકો જાતિય શિક્ષણને આ રીતે સમજાવે છે. '' અર્થપૂર્ણ જાતિય શિક્ષણ એ વ્યકિતના સર્વાંગી વ્યકિતત્વના વિકાસનો અંતર્ગત ભાગ છે. અને તે જીવનના બધાજ મહત્વના તબકકાઓને આવરી લે છે. ''

૩. જાતિય શિક્ષણનું મહત્વ.

જાતીય શિક્ષણનું મહત્વ સમજાવતાં ડો.દેરાસરી કહે છે બાળ કને વય પ્રમાણે ઈન્દ્રિયનું તથા જાતીય જ્ઞાન આપવું આવશ્યક છે બાળક પોતે આડી – અવળી , છાની છપની અને ગેરરસ્તે દોરનાર અશ્લીલ માહિતી મેળવે એના કરતા તો તે સાચું, સચોટ, વૈજ્ઞાનિક જ્ઞાન સમયસર મેળવે તે વધુ ઈષ્ટ છે સંક્ષેપમાં જાતિય શિક્ષણ અનેક રીતે મહત્વનું છે. વ્યકિતગત સ્વાસ્થ્ય અને કૌટુંબિક સ્વાસ્થ્યએ બંને દ્રષ્ટ્રિએ જાતિય શિક્ષણ ખાસ મહત્વ ધરાવે છે.

૪.જાતિય શિક્ષણ શા માટે આપવું જરૂરી છે?

- કુટુંબ સાથે સમાયોજન સાધવા.
- યુવા પેઢીમાં જાતીય બાબતો પ્રત્યે તંદુરસ્તી અને જાગૃતતા વિકસાવવા.
- વસ્તી વધારવાના દરમાં ઘટાડો કરવા / વસતિ વિસ્ફોટને અટકાવવા.
- સમાજમાં બનતા બળાત્કારના કિસ્સાઓનું પ્રમાણ ઘટાડવા.
- યુવા પેઢીમાં મળતી જાતીય વિકૃતિ અને અજ્ઞાનતા દૂર કરવા.
- વ્યકિતના સામાજિક વ્યવહારની સમજ આપવા તથા સામાજિક સંસ્કારનું સિંચન કરવા.
- જાતિય શિક્ષણ આપવાથી જાતિય વૃતિઓનું ઉધ્વીકરણ કરી શકાય છે.
- લગ્ન જીવન અને જાતિય અનુકલન માટે જરૂરી છે.
- તરુણ – તરુણીઓમાં થતા જાતિય રોગો અટકાવી શકાય છે.
- વ્યકિતત્વનો વિકાસ સાધવા જાતિય શિક્ષણ જરૂરી છે.
- તંદુરસ્ત નાગરીક અને આદર્શ માતા – પિતા બનવા માટે પણ જાતિય શિક્ષણ અનિવાર્ય છે.
- જાતિય શિક્ષણ જાતિયના અંગેના ભ્રામક અને સંકુચિત વિચારોમાંથી બહાર નીકળવા ઉપયોગી છે.
- જાતિયતાના ખોટા ખ્યાલોને દૂર કરવા જરૂરી છે.
- સ્વઅંગો સ્વચ્છતા રાખવા / જાળવવા.
- તરુણ – તરુણીઓની મુંજવણ દૂર કરવા.
- તરુંણીઓના રજોદર્શનને ધર્મ સાથે સાંકળીને અછૂત વ્યવહારમાંથી બહાર લાવવા/રજોદર્શન એક શારીરિક પ્રક્રિયા છે. એમ સમજાવવા જાતિય શિક્ષણ જરૂરી છે.
- ધર્માધતા ત્યજવા માટે અને સત્યતાનો સ્વીકાર કરવા.
- લંપટ, દૂરાચારી વ્યકિતોઓથી બચવા માટે જાતિય શિક્ષણ આપવું અનિવાર્ય છે.

૫. જાતિય શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓના કાર્યો :

જાતિય શિક્ષણ આપતાં માધ્યમોમાં સૌ પ્રથમ કુટુંબ છે પરંતુ માતા– પિતા કે કુટુંબના અન્ય સમયવયસ્ક સભ્ય ભાઈ–બહેન જાતિય શિક્ષણના સંકુચિત વિચારના કારણે ઘરના સભ્ય–તરુંણ–તરુણીને શિક્ષણ–માર્ગદર્શન પોતાના સંતાનો તરફથી પૂછતા પ્રશ્નોના ઉડાઉ જવાબો આપે છે. તેમને એવો ડર હોય છે કે આવું શિક્ષણ આપવાનથી પોતાનું સંતાન અનૈતિક જાતિય વ્યવહાર તરફ દોરવાશે. પરંતુ તે નરી અજ્ઞાનતા છે . આવી કુટુંબ અને માતા – પિતાની અજ્ઞાનતા દૂર કરવા માટે શાળા–કોલેજોમાં વાલી સંમેલન વખતે માતા–પિતાને કે વાલીને જાતિય શિક્ષણ અંગેના ખોટા ખ્યાલોને દૂર કરવાનું માર્ગદર્શન આપી શકાય.

- શાળા કે કોલેજના શિક્ષકો ધ્વારા વાલીઓમાં જાતીય શિક્ષણની જાગૃતતા લાવવા માટે પ્રયત્નો કરવા .
- શિક્ષકોએ વાલીઓને જણાવવું કે પોતાનું સંતાન ૧૮ વર્ષનું થાય તો તેને મિત્ર સમાન ગણીને તેને સમસ્યાના પ્રશ્નોના જવાબ આપવા અને સમસ્યા નિરાકરણ લાવવા જણાવવું.
- વાલી/માતા પિતાને જણાવવું કે જો તમે બાબકોને સંશય રાખ્યા વગર જાતિયતાનું યોગ્ય માર્ગદર્શન નહી આપો તો તમારું બાળક કયારેક આવેગમાં આવી જઈને અઘટીત પગલુ ભરી બેસશે . આવા સામાજિક સમસ્યાવાળા પ્રશ્નોથી વાકેફ કરી શકાય.
- શાળામાં પણ વિદ્યાર્થીઓને શિક્ષણ પોતે જાતિય શિક્ષણ અંગેની સમજ આપે કારણ કે શિક્ષક પોતે મનોવૈજ્ઞાનિકના જાણકાર હોય છે. અનુ તરુણ તરુણીઓની સમસ્યા સમજી શકે છે.
- શિક્ષકે બાળકોને ઓળખવાની અને વાતાવરણની સર્જવાનું કાર્ય કરવું .
- શિક્ષિકાઓએ તરુણીઓ અને શિક્ષકોએ તરુણોને જીતય બાબતો / તેમનામાં આવતા આવેગો / શારીરિક પરીવર્તનો અંગેનો ખ્યાલ આપવો.
- શિક્ષકોએ બાળકના અકથ્ય ભાવોને જાણવા અને તેમની વૃતિઓનું ઉધ્વીકરણ થાય તેવી પ્રવૃતિઓનું આયોજન શાળા કક્ષાએ કરવું જેમ કે મનોરંજન, સંગીત, નૃત્ય, રમતો, ઉત્સવો, પ્રવાસ વગેરે.
- તરુણ તરુણીઓના આવેગોને સકારાત્મક દિશામાં વાળવા શિક્ષકે માર્ગદર્શન આપવું.
- સમાજમાં બનતી યૌન શોષણની ઘટનાઓની શાળા
- કોલેજ કક્ષાએ બાળકો જાણકારી આપવી તથા તે અંગેનું

યોગ્ય માર્ગદર્શન આપવું.

■ અનીતિના વ્યવહારથી બચવા પ્રલોભનોનો ત્યાગ કરવા, તરુણ તરુણીઓને યોગ્ય માર્ગદર્શન આપવું.

■ શિક્ષકોએ તરુણીઓની જાતીય સમસ્યા/ રોગ વિશેની જાણકારી મેળવવી અને યોગ્ય માર્ગદર્શન આપવું શકય હોય તો માતા – પિતા કે વાલીને તરુણીઓની સમસ્યાથી વાકેફ કરીને યોગ્ય નિદાન કરાવવા માર્ગદર્શન આપવું.

■ શાળા કોલેજ કક્ષાએ જાતિય રોગો જેવાકે રોગો અને તેના ઉદભવના કારણો તથા નિવારવાના ઉપાયો અંગેના કાર્યક્રમોનું આયોજના કરવું .

■ શાળા કોલેજોમાં સ્વાસ્થ્યદિનની ઉજવાવી કરીને જાતિય શિક્ષણ અંગેની જાગ્રતતા વધારવી.

■ શાળામાં વિવિધ પ્રકાર રોગો અને તેના ઉદભવના કારણો તથા નિવારવાના ઉપાયો અંગેના કાર્યક્રમોનું આયોજના કરવું .

■ શાળામાં વિવિધ પ્રચાર અને પ્રસાર માધ્યમો જેવા કે રેડીયો, ટી.વી, ટેપરેકોર્ડર, ઈન્ટરનેટર ધ્વારા વૈજ્ઞાનિક ઢબે જાતિય શિક્ષણ આપી શકાય.

■ ટેલિવિઝન પર દર્શાવતા કાર્યક્રમોમાં વિવિધતા લાવી જાતિય શિક્ષણને અભ્યાસક્રમ સાથે સાંકળીને તરુણોના માનસમાં જાતિયતા પ્રત્યેના તંદુરસ્તી વલણો ખીલવી શકાય.

■ શાળામાં શિક્ષકોએ દૈનિક પત્રો અને સમર્પિત ઘટનાઓના ચિતારનું સંક્ષિપ્ત વર્ણન કરીને બાળકોને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપી શકાય.

■ વિડીયો કોન્ફ્રન્સ પર પણ જાતિય શિક્ષણના પ્રોગ્રામોને નિહાળી અને જાતિયતાના પ્રશ્નોનો નિવારણ માટેના પ્રશ્નોત્તરી કરવા શાળા – કોલેજમાં આયોજન કરવું.

■ શિક્ષણકારો અને વિચારકોની સિધ્ધ કલમે લખાયેલ જાતિય માર્ગદર્શન સંબંધી – પુસ્તકો જાણીને બાળકોને વાંચવા ભલામણ કરી શાકય.

■ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનો પર કોતરાયેલ શિલ્પ કલાના સ્થાપત્યોથી જાતિય શિક્ષણ આપી શકે છે.

■ તે માટે શાળાના શિક્ષકોએ શિલ્પસ્થાપત્યોનું જ્ઞાન આપી જાતિય શિક્ષણ આપી શકાય.

■ શાળા કોલેજમાં જાતિય શિક્ષણને લગતી શિબિરોનું આયોજન કરવું.

■ શાળા – કોલેજમાં સમાજમાં ધર્મધતા આચરતા સાધુ – સંતોની પાપ લીલાઓની જાણકારી આપવી.

■ લંપટ – ગુરુ / શિક્ષક / સાધુ / રાજકારણી / ઉદ્યોગપતિ કે અન્ય કોઈપણ વ્યકિતને આળખીને તેનાથી દૂર કરવા જણાવવું.

■ યૌન શોષણથી બચવા માટે ગભરાયા વગર લાભ ઉઠાવનારી લંપટ વ્યકિતઓને સમાજમાં ઉઘાડી પાડવા તરુણોને માર્ગદર્શન આપવું.

■ શિક્ષકોએ શાળામાં દુરાચાર કરનાર શિક્ષક હોય તો તેને યોગ્ય માર્ગદર્શન આપીને સીધા રસ્તે લાવવો અથવા તો શાળાના આચાર્યશ્રીને પરિસ્થિતિથી વાકેફ કરવા જેથી આવનારી સમસ્યા અટકે.

■ યૌન શોષણ કરનાર વ્યકિતઓ મટે કડક શિક્ષાનું આયોજન શાળાના નિયમો આધારિત કરવું.

■ સ્ત્રી રક્ષણના સરકારી પગલામાં સ્ત્રીઓએ ઉપયોગી બનવા માટે પ્રયત્નો કરવા તથા સરકારના ૧૯૦૧ ફોન સેવાનો ઉપયોગ પિડીત સ્ત્રીઓએ કરવો તેનુ માર્ગદર્શન શાળામા આપવું.

■ વર્તમાન સયમમાં અશિક્ષિત , શિક્ષિત, ઉચ્ચવર્ગ , નિમ્નવર્ગ કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારની નોકરી, ઘરકામ કે મજુરી કતી સ્ત્રીઓ પર તથા નાની બાલિકાઓ પર સામૂહીક બળાત્કારના કેસ વધુ ફૂલ્યા – ફાલ્યા છે. લોકો નિર્લજજ બન્યા છે. તેનાથી શાળાના બાળકો માહિતગાર કરવા.

■ શાળમામાં શિક્ષકો / શિક્ષિકાઓ / સલાહકારો કે માર્ગદર્શને માર્ગદર્શન આપવા જણાવવું કે સરકારના કાયદાઓનો ખોટો લાભ ન ઉઠાવવો કે અન્ય કારણોસર વ્યકિતને યૌન શોષણમાં ગુનેગાર બતાવવી તે ઉચિત નથી.

■ યૌન શોષણનો ભોગ બનનાર વ્યકિતને ન્યાય અપાવવા માટે અને ન્યાય મેળવવા માટે સમાજે યોગ્ય પગલાં ભરવા તથા જાતે જ પિડીત વ્યકિતએ નિર્ભય બનીને સમાજને / પોલીસને / સરકાર અને કુટુંબની વ્યકિતોઓને જાણ કરવી – જેથી અસામાજિક તત્વોને ડામી શકાય તથા યોગ્ય ન્યાય મેળવી શકાય તે માટે યોગ્ય માર્ગદર્શનનું શાળામાં આયોજન કરવું.

■ શાળામાં હિમ્મત કરીને આગળ આવેલી વ્યકિતઓની સિધ્ધિ અને ન્યાય મેળવેલી વ્યકિતઓની માહિતી બાળકોને આપવી જેથી બાળકોમાં હિંમત અને પ્રેરણા મળે.

■ વિદ્યાર્થીઓના સંસ્કાર સિંચન કરે તેવા સારા પુસ્તકોનું જ વાંચન કરવા જણાવવું.

■ શાળાએ વિદ્યાર્થીઓને બી.પી. પિકચર કે ઈન્ટરનેટ પરના પોનોગ્રાફી ચિત્રો અને ફિલ્મોના ઉપયોગથી દૂર રહેવા માર્ગદર્શન આપવું.

■ શિક્ષકોએ વિદ્યાર્થીઓને મનોવૈજ્ઞાનિક જ્ઞાન આપીને સામી વ્યકતિના મનને જાણવાની કલા / શકિત કેળવવી જેથી આપત્તિથી બચી શકાય.

■ શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને સૃષ્ટિ વિરુધ્ધના કૃત્યોથી બચવા યોગ્ય માર્ગદર્શન આપવું.

■ શિક્ષણમાં મૂલ્યો સમાવિષ્ટ અભ્યાસક્રમ રચવો. જેથી બાળકોમાં સાચા સંસ્કારોનું સિંચન થાય, સત્ય, પ્રેમ, લાગણી, નૈતિકતાનો વિકાસ કરવો.

■ ધાર્મિક ગ્રથોમાંથી સારા સંસ્કાર ગ્રહણ થાય તેવો અભ્યાસક્રમ શાળા – કોલેજોમાં રચાય .

■ મહાન ચારિત્ર્યવાન વ્યકિતઓના જીવન ચિરિત્રો, અભ્યાસમાં સાંકળવા તથા તેમના જીવનમાં બનેલી ઘટનાઓના ઉદાહરણોનો ઉપયોગ કરવો દા.ત. સ્વામી વિવેકાનંદને એક સંદર સ્ત્રીએ પોતાના પતિ બનાવીને તેમના થકી પેદા થયેલા પુત્રની માંગણી કરી તો સ્વામીજીએ સુંદરસ્ત્રીને પગે લાગીને માતાનો દરજજો આપ્યો. અને હું જ તમારો પુત્ર છુ એમ કહીને કામાસકત સ્ત્રીને સત્ય માર્ગે લઈ આવ્યા.

■ શાળાના બુલેટીન બોર્ડ પર તથા શાળાની દિવાલો પર સુસંસ્કારોવાળા સુવાકયો લખવા તથા શાળાના શિક્ષકો ધ્વારા બાળકોમાં તે સુવાકયોનો ઉપયોગ એક અમલ કરાવવો.

■ શાળા – કોલેજોમાં મૂલ્યો સવર્ધન કરે તેવા ધર્મશાસ્ત્રોનું આદર્શ વાંચન કરાવવું જેથી બાળકોમાંની વિકૃતિનું ખંડન થાય.

■ દરરોજ શાળામાં સુવિચારોની રજુઆત થાય.

■ માનસિક શાંતિ મળે અને મનના વિકારો દુર થાય તે માટે શાળામાં યોગ શિક્ષણની વ્યવસ્થા કરાવવી.

■ શાળામાં બાળકોને પ્રેમ સહાનુભૂતિ, સહકાર મળે તેવી પ્રર્વતીઓ યોજવી.

■ શાળા– કોલેજોમાં સમાજને જાગ્રત કરવા માતા – પિતાને / વાલીઓમાં સંસ્કાર સિંચન થાય તે માટે પાશ્વાત્ય રિત રિવાજોનો મોહાંધ છોડીને ભારતીય રિત – રિવાજોનું પુનઃ સ્થાપન અને અમલીકરણ થાય તે માટે વકતવ્ય/સેમિનાર/મિટીંગોનું આયોજન કરી શકાય.

■ સામાજિક રીત – રિવાજોમાં કુટુંબના સભ્યોને દરજજા પ્રમાણે માન – સમ્માન મળે તેવા સંસ્કારોનું સિંચન શાળામાં થાય તો વધુ ઉચિત ગણી શકાય.

■ શાળા – કોલેજ કક્ષાએ કન્યાઓને કરાટે શિક્ષણની તાલીમ કેન્દ્રો સ્થાપવા જેથી ભવિષ્યમાં ઉભીથતી સમસ્યાથી બચી શકે.

ઉપસંહાર :

આમ, શાળા – કોલેજ કક્ષાએ જાતિય શિક્ષણની તાતી જરૂર છે. અને નિઃસંકોચ પ્રમાણે શાળા – કોલેજ કક્ષાએ જાતિય શિક્ષણ આપશે તો સમાજમાં અવશ્ય યૌન–શોષણ – બળાત્કારના કિસ્સો ઓછા થશે અને બાળકોમાં સત્યજ્ઞાન પ્રગટ થશે. જાતિય શિક્ષણનું સાચુ જ્ઞાન મેળવી વિદ્યાર્થી પોતાનું તરુણાવસ્થાથી શરૂ કરી વૃધ્ધાવસ્થા સુધી સાર્થક– જીવન જીવી શકશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

સંદર્ભ સૂચિ

⇨ કુટુંબ કલ્યાણ, એ.જી.શાહ, જે.કે.દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

⇨ લગ્ન કટુંબ અને સગપણ સબંધો, એ.જી.શાહ, જે.કે.દવે, અનડા પ્રકાશન, અમદાવાદ.

* ડો. આર.એ. કુરેશી

Arts [SOCIOLOGY]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 49 - 50
ISSN 2319 - 8168

ગુજરાતમાં સ્ત્રી–સશકિતકરણ

દેશભરમાં આર્થિક સાધન–સંપદાની દ્રષ્ટિએ ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે.અહીં કન્યા કેળવણી, બેટી બચાવો અને સ્ત્રી સશકિતકરણની અનેકવિધ યોજનાઅદ અમલમાં આવી છે. દેશભરમાં ગુજરાત જ એક એવું રાજય છે કે જયાં 'કુંવરબાઈનું મામેરું' યોજના થકી ગરીબ પરીવારો માટે રાજય સરકાર ખુદ 'પિતા' ની ભૂમિકા ભજવે છે.

કેન્દ્ર સરકારે મહિલાઓના બહુમુખી વિકાસ માટે ૨૦૦૧ના વર્ષને મહિલા સશકિતકરણ વર્ષ તરીકે જાહેર કર્યું છે. આ વર્ષમાં મહિલાઓ વધારે સશકત બનીને આગળ આવે એ ધ્યેય રાખવામાં આવ્યું છે, પરંતુ ગુજરાતની નારીએ તો ઘણાં સમયથી પોતાની સ્થિતિમાં પરીવર્તન શરૂ કરી દીધું છે. આજે ગુજરાતમાં સ્ત્રી–સશકિતકરણ કરવા અનેક યોજનાઓ, વિકાસ કાર્યક્રમો અને સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે ગુજરાતમાં સ્ત્રીઓના વિકાસને લગતા કાર્યક્રમો અને ભાષણો રાખવામાં આવે છે. આ ઉપરાંત સ્વર્ણિમ ગુજરાત યોજનામાં સ્ત્રીઓની સુરક્ષા અંગે બેટી બચાવો અને દીકરો–દીકરી એકસમાન જેવા કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

વર્તમાન સમયમાં મહિલાઓ સાચા અર્થમાં આધુનિક બની છે અને પોતાની સર્વસામાન્ય દુર્બળતાઓને દૂર કરીને પોતાની મજબૂત કરવાની પોતાની સ્વતંત્ર ઓળખને દ્રઢ કરવાની અને પુરૂષની સાથે ખભેખભો મિલાવીને ચાલવાની કોશિષ કરી છે. આજની નારી સાહસિક, પરિપકવ, સહિષ્ણુ અને મજબૂત વિચારો ધરાવતી મહિલાના રૂપમાં બહાર આવી છે. એક બાજુ તેણે 'કેરીયર વુમન' નો ખિતાબ મેળવ્યો છે તો બીજી બાજુ તે 'હોમ મેકર' ના રૂપમાં ઘરગૃહસ્થીની તમામ જવાબદારીઓ સફળતાપૂર્વક પાર પાડે છે.

ગુજરાતમાં નારી મા, બહેન, સાસુ, વહુ કે પત્નીના રૂપમાં તો સર્વશ્રેષ્ઠ છે જ પરંતુ તેની સાથોસાથ ગુજરાતની નારીએ અનેક ક્ષેત્રોમાં અદ્વિતીય પ્રગતિ સાધી છે.

વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતની સ્ત્રીઓએ કરેલી પ્રગતિ :

૧. શિક્ષણ ક્ષેત્રે સ્ત્રી–સશકિતકરણ :

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સ્ત્રી – સશકિતકરણના અનેક કાર્યક્રમો થઈ રહયા છે. ગુજરાત પોતાના બજેટના ૨૦% ધનને શિક્ષણ પાછળ ખર્ચે છે. 'મહિલા શિક્ષણ મફત' જેવી પહેલ ગુજરાત રાજય દ્વારા જ થઈ છે. ગુજરાતના વિદ્યાબહેન નિલકંઠ કે જેઓ પહેલા સ્ત્રી ગ્રેજયુએટ હતા. ત્યારબાદ ગુજરાતની અનેક નારીઓ શિક્ષણ ક્ષેત્રે આગળ વધી છે. ગુજરાતના આનંદીબહેન પટેલ કે જેઓ સ્ત્રીઓના શૈક્ષણિક વિકાસ માટે અગાધ પ્રયત્નો કરી રહયા છે અને પોરબંદર ખાતે રહેતા સવિતાબહેન મહેતાએ પણ શિક્ષણક્ષેત્રે અને નૃત્યકળા ક્ષેત્રે અભિન્ન પ્રગતિ સાધી છે ઉપરાંત કેન્દ્ર અને રાજય સરકારે શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં મૂકી છે. જેમ કે અનૌપચારીક શિક્ષણ, મધ્યાહન ભોજન યોજના, સ્ત્રીઓ માટે ઓછા ખર્ચે શિક્ષણની યોજના, મહિલા સમાખ્ય યોજના, સર્વશિક્ષા અભિયાન વગેરે.

આમ, રાજય સરકાર સ્ત્રીના શૈક્ષણિક વિકાસ માટે જાગૃત બની છે અને સ્ત્રીઓ શૈક્ષણિક વિકાસમાં આગળ પણ વધી રહી છે.

૨. આર્થિક સ્વાવલંબન ક્ષેત્રે સ્ત્રી–સશકિતકરણ :

ગુજરાત સરકાર સ્ત્રીઓને વ્યવસાય મળી રહે અને તેઓ આર્થિક રીતે પગભર બને તે માટે પ્રયત્નશીલ છે. સ્ત્રીઓને પોતાના ગૃહઉદ્યોગ સ્થાપવા બેંકો લોન આપે છે તેમજ મહિલા મંડળો અને મહિલા ઉદ્યોગ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. આર્થિક ક્ષેત્રે વર્તમાન સમયમાં સ્ત્રીઓ ઘણી આગળ વધી છે. ગુજરાતના સાવરકુંડલા ક્ષેત્રે કલાકારીગરીમાં વસંતબહેન કેવડીયાને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે. આજે મોટાભાગની સ્ત્રીઓ ગૃહઉદ્યોગ ચલાવી રહી છે જેમાં તેઓ પાપડ વણે, અગરબત્તી બનાવે, મજૂરી કામ કરે, ઘર શણગારની વસ્તુઓ બનાવે ઉપરાંત ઘરે સિલાઈકામ અને શાકભાજી વેચાણ કરીને પણ પોતે કમાઈ શકે છે. શિક્ષિત યુવતીઓ પોતે સર્વિસ કે બીઝનેશમાં જોડાઈને આર્થિક રીતે પગભર બની રહી છે. આજે ઘણી એવી યુવતિઓ છે કે જે પોતે કમાઈને પોતાનું અને કુટુંબના સભ્યોનું ભરણપોષણ કરે છે.

૩. રાજકીય ક્ષેત્રે સ્ત્રી–સશકિતકરણ :

ગુજરાતમાં ઘણી યુવતિઓએ રાજકારણમાં ઝંપલાવ્યું છે, જે સ્ત્રી – સશકિતકરણનો જ એક ભાગ કહી શકાય. સરકારે સ્ત્રીઓ માટે ૩૩% અનામતની સુવિધા કરી છે જે હાલ સ્ત્રીઓ માટે

* અધ્યાપકશ્રી, શ્રી વી.ડી. ધેલાણી મહિલા કોલેજ, સાવરકુંડલા

૫૦% અનામતની સુવિધા બહાર પાડવામાં આવી છે જેના કારણે ઘણી સ્ત્રીઓએ રાજકીય ક્ષેત્રે પોતાની ભાગીદારી નોંધાવી છે. ગુજરાતના ઈલાબહેન ભટ્ટ કે જેઓ રાજકીય ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહયા છે. આ ઉપરાંત ગુજરાતના ભાવનાબહેન ચિખલિયા, ઉર્મિલાબહેન પટેલ, આનંદીબહેન પટેલ, ડૉ.માયાબહેન કોડનાની વગેરે રાજકીય ક્ષેત્રે યોગદાન આપ્યું છે. આજે ગુજરાતના રાજયપાલ તરીકે માનનીય ડૉ. કમલા બેનીવાલ પ્રવૃત છે.

૪. સામાજિક ક્ષેત્રે સ્ત્રી–સશકિતકરણ :

ગુજરાતની મહિલાઓએ સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. એવી ઘણી સ્ત્રીઓ છે કે જેઓએ સામાજિક ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે અને સમાજ માટે પણ પોતાનું યોગદાન આપી રહી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો સુરતના હિમાંશી શેલત કે જેઓ સમાજસેવિકા તરીકે નિરાધાર સ્ત્રીઓ અને બાળ કો માટે વાત્સલ્ય મૂર્તિ સમાન સ્ત્રીરત્ન છે. આ ઉપરાંત ગુજરાતના અરૂણાબહેન દેસાઈ જેઓ સમાજસેવા ક્ષેત્રે કામગીરી બજાવી રહયા છે. ઉપરાંત એક જાણીતા ઉદાહરણ તરીકે જોઈએ તો કસ્તુરબા કે જેઓએ ગાંધીજી સાથે મળીને સમાજની મૂક સેવા કરી છે.

૫. અન્ય ક્ષેત્રોમાં સ્ત્રી–સશકિતકરણ :

વ્યાવસાયિક ક્ષેત્રે, સ્વાસ્થ્ય ક્ષેત્રે, ઔદ્યોગિક ક્ષેત્રે, કૌટુંબિક દરજજા ક્ષેત્રે અને રમત–ગમત ક્ષેત્રે આમ વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓએ પ્રગતિ કરી છે. સ્ત્રીઓ પોતાના માટે જાગૃત બની છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા આજે સ્કૂલમાં સ્ત્રીઓને આર્યનની ગોળીઅપાય છે ઉપરાંત મધ્યાહન ભોજન યોજના અને સુવાવડી સ્ત્રીઓ માટે સુખડી વિતરણ યોજના જેવી અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. કૌટુંબિક દરજજા ક્ષેત્રે જોઈએ તો સ્ત્રીને પિતા અને પતિની મિલકતમાંથી વારસો મેળવવાનો અધિકાર છે. સ્ત્રીઓ માટે ઘરેલુ હિંસા વિરૂધ્ધ કાનૂન પણ ઉપલબ્ધ છે.

આજે એવું કોઈ ક્ષેત્ર નથી કે જયાં સ્ત્રીઓની સામેલગીરી ન હોય. આજની સ્ત્રી પોતાના પરિવાર અને બાળકોની જવાબદારી સાથોસાથ અન્ય કાર્યોમાં પણ જોડાઈ છે.

* જનકસિંહ ગોહિલ

Arts [SOCIOLOGY]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 51 - 52
ISSN 2319 - 8168

પરંપરાગત રમતો અને સમાજશાસ્ત્રીય કાર્યાત્મક વિશ્લેષણ

પ્રસ્તાવના:-

માનવી તેના ઉત્પતિકાળથીજ એ જાણવા મથામણ કરી રહ્યો છે કે તેનાં સામાજિક વ્યવહારનાં સ્ત્રોત કયા-કયા છે. પાછળનાં કેટલાય વર્ષોની પેઢીઓએ મનુષ્યની સોચ વિચારણા ની રીતોને સમજવા મથામણ કરી છે. કદાચ સાંપ્રત સમયમાં આ સામાજિક વ્યવહારોને સમજવા પ્રત્યે ગભીર રીતે વિચારણા કરી છે. આ દિશામાં સમાજશાસ્ત્રનાં ભીષ્મ પિતામહ તરીકે બિરૂદ પામેલ ઓગસ્ટ કોમ્ટે (૧૭૮૯-૧૮૫૭) એ પ્રથમવાર સામાજિક વ્યવહારને સમાજશાસ્ત્રીય અભ્યાસનો મુદ્દો બનાવેલ. તેઓના મતાનુસાર સમાજશાસ્ત્ર માનવ કલ્યાણ માટે મહત્વનું યોગદાન આપશે. તેઓશ્રીએ પોતાનાં અંતિમ જીવન દરમ્યાન ફ્રાંસનાં સમાજનાં પુર્નનિર્માણ માટે ગહન ચિંતન કરેલ છે. આ બાબતનાં અનુસંધાનમાં તેમણે આગ્રહ પુર્વક જણાવેલ કે સમાજશાસ્ત્રે આ બાબતોનું ચિંતન અને મનન કરવું જોઈએ. તેઓએ સ્થિત્યામકતા અને ગત્યાત્મકતા જેવા બે ખ્યાલમાં સમાજશાસ્ત્રને સમજાવવા પ્રયાસ કરેલ. જેનાં ફળ સ્વરૂપે આજે સમાજશાસ્ત્રએ તેનાં ટુંકા ઈતિહાસમાં ઘણી પ્રગતિ સાધી છે તે જણાવવામાં કોઇ અતિશયોકિત નથી. પ્રસ્તુત સંશોધનીય અભ્યાસલેખમાં સમાજશાસ્ત્રનાં સામાજિક વ્યવહારને સમજવા માટેનાં જે જુદા-જુદા સિંધ્ધાંતો આપવામાં આવેલ છે. તેમાંથી કાર્યાત્મકવાદ થિયરીનાં આધારે નાના-નાના બાળકોનાં કે તરૂણાવસ્થાનાં જુથોમાં જે પરંપરાગત રમતો રમવામાં આવે છે તે રમતોનો પ્રભાવ તેનાં કારણે શીખતા અનૌપચારિક ધોરણો અને તેના દ્વારા જળવાતી સામાજિક વ્યવસ્થાને સમજવા પ્રયાસ કરવામાં આવેલ છે.

આજે સામાજિક વ્યવહારને સમજવા માટેનાં જુદા-જુદા દ્રષ્ટિકોણનો વિકાસ થયો છે. તે અનુસંધાને કહી શકાય કે આમાં ઘણા સમાજશાસ્ત્રીઓનું યોગદાન રહેલ છે. સમાજમાં બનતી ઘટનાને સમાજશાસ્ત્રીય રીતે સમજવા ઘણા અભિગમોનો વિકાસ થયો છે તેમાંથી પ્રસ્તુત અભ્યાસ લેખ કાર્યવાદ થીયરીને ધ્યાનમાં રાખી લખવામાં આવેલ છે. જેમાં ખાસ કરીને બાળપણના સમકક્ષજુથમાં પરંપરાગત રમત દ્વારા બાળકોમાં થતુ સામાજીકરણ અને તેના કારણે જળવાતી સામાજિક વ્યવસ્થાને સમજાવવામાં આવેલ છે. જેને મુદ્દાસર નીચેની વિગતે સમજીએ.

કાર્યાત્મકવાદની સમજુતી :-

ટાલ્કોટ પારસન્સ દ્વારા સામાજિક માળખાને સમજાવવા પાંચ બાબતોને ધ્યાનમાં લીધેલ છે. જેમાં સામાજિક ધોરણો, સામાજિક દરજજો અને ભૂમિકા, જુથ ઉપજુથ, સાંસ્કૃતિક મૂલ્યો, અને સંસ્થીકૃત ધ્યેય આ પાંચ બાબત તે દરેક સમાજની જરૂરીયાત છે. અને માનવ શરીરનાં અંગોની જેમ જોડાયેલ છે. ટુકમાં એકાબીજા તત્વની અસર પારસ્પર થાય છે. આ જરૂરીયાત સંતોષતી બાબત તે જ કાર્યાત્મક વ્યવસ્થા છે. જેમકે કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થા, ધર્મ સંસ્થા, રાજય સંસ્થા વગેરે દ્વારા સામાજિક વ્યવસ્થાની જાળવણી કઇ રીતે થાય છે તેની સમજુતી માટે મર્ટન કાર્યાત્મકવાદની તરફેણ કરે છે. પ્રસ્તુત અભ્યાસમાં પરંપરાગત રમત તેના નિયમો અને બાળકોનાં વર્તનમાં તેનુ પાલન થાય છે. જેનાં કારણે ભવિષ્યમાં ધોરણ અનુરૂપ વર્તન કરવાની પ્રેરણા ને સમજવા પ્રયાસ હાથ ધરવામાં આવેલ છે.

મિલ્ડ્રેડ પરટેન બાળકોની રમત દ્વારા થતી વિકાસની પ્રક્રિયાને સમજાવવા જુદી-જુદી શ્રેણીમાં વિભાજીત કરે છે. જેમાં સૌ પ્રથમ એક વર્ષ બાદ બાળક સ્વતંત્ર થઈને એકલા એકલા રમ્યા કરે છે. બીજી શ્રેણીમાં તે બીજાની સાથે હોવા છતા પોતાનીજ રમતો રમે છે. તેમજ એ પણ સમજવા પ્રયાસ નથી કરતો કે બીજા બાળકો શું રમત રમી રહ્યા છે. ત્રીજી શ્રેણીમાં તે ફકત બીજાની રમતોનું અનુકરણ કરે છે. અને ત્રણ કે ચાર વર્ષ પછી તે બાળક એવી અવસ્થા આવે છે કે તે બીજા બાળક સાથે રમતુ થાય છે.

રમતો દ્વારા થતુ સામાજિકરણ અને સામાજિક વ્યવસ્થાનું માળખું

(૧) સામાજિક ધોરણો અને સામાજિકરણ : સમાજશાસ્ત્રીઓ સામાજિકરણનો અર્થ આપતા જણાવે છે કે સામાજિકરણ એ વ્યકિતનાં જન્મથી મૃત્યુ પર્યત માનવીનું સામાજિક વ્યકિત તરીકે ઘડતર કરતી પ્રક્રિયા છે. અહી સામાજિકરણની એજન્સીનાં માધ્યમ તરીકે મિત્રજુથ એ મહત્વનું માધ્યમ છે. કારણ બાળક કિશોરાવસ્થામાં અને તરૂણાવસ્થામાં મોટા ભાગનો સમય તેના મિત્રો સાથે વિતાવે છે. આ જુથો (તળપદી ભાષામાં કહેવામાં આવે તો "ટોળી") હોય છે. આ ટોળી રમતો રમવી, રખડવું, કયાક બેઠક સ્થાન બનાવવું, વગેરે જેવી પ્રવૃતિઓ કરતી હોય છે. તેમાં જે રમતો રમે

* પ્રોબેસન ઓફિસર, સમાજસુરક્ષા ખાતુ, ગુજરાત રાજય – ગાંધીનગર

તેનાં નિયમો પણ બનાવે છે. જે રમત દરમ્યાન ટોળકીના બધાજ સભ્યોએ સ્વીકારવા પડે છે. આમ છતા આ નિયમો લેખીત સ્વરૂપનાં હોતા નથી કે તેના માટેની એટલી ગંભીર પ્રકારની સજાની જોગાવાઇ પણ હોતી નથી જેથી તેને અનૌપચારીક સ્વરૂપના નિયમો પણ કહી શકાય. પરંપરાગત રમતોમાં ગીલ્લી-દંડો, સંતા કુકડી, છાપુ, (બાકસની પટ્ટી) લખોટી, ભમરડા વગેરે જેવી રમતોનો સમાવેશ કરી શકાય. જેવી રમતો તેવા

નિયમો અને તેનુ પાલન કરવાનું હોય છે. અન્યથા રમતમાંથી કાઢી નાખવામાં આવે છે. કેટલાક બાળકોની મુલાકાત લઈને પુછવામાં આવેલ કે જે રમતનાં નિયમોનુ પાલન ન કરે તે બાળકને તમે શુ કહો છો? પ્રત્યુત્તરમાં જાણવા મળેલ કે આ બાળકને અંચાઈડો, ગુંચાળો (Cheater), ઘુંશલો અથવા તો ઘશલો તરીકે ઓળખાવેલ છે. જેથી બાળક નિયમનું પાલન કરતા શીખે છે. જે ભાવિ જીવનમાં ધોરણ અનુરૂપ વર્તન કરવાની પ્રેરણા પુરી પાડે છે. જે આવનાર સમયના સામાજિક વ્યવસ્થાનાં માળખાનાં તત્વ તરીકે સામાજિક ધોરણનું પાલન કરવાનું શીખવે છે જેનાં દ્વારા સામાજિક વ્યવસ્થા ટકી રહે છે.

(૨) દરજ્જા અનુરૂપ ભૂમિકા અને સામાજિકરણ. : સમકક્ષ મિત્રોજુથોમાં રમતનાં જેમ નિયમો હોય છે તેમ તેની ટોળકીમાં પણ જુદા-જુદા પ્રિય મિત્ર, મિત્ર, લંગોટીયા મિત્ર, અમુક અંશે ટોળી સરદાર, જેવા દરજજા વહેચાયેલા હોય છે. જોકે મોટા ભાગે આ બાબત ખુબજ સંવેદનશીલ હોય છે કે તે કયારે તુટે અને કયારે જોડાય જાય તે નકિક હોતુ નથી. પરંતુ નજીકના શેરી વિસ્તારનાં બાળકોનો એક ટોળીમાં સમાવેશ થાય છે તે પ્રમાણે પોતાની ભૂમિકા ભજવતા અહીંથી શીખવાની શરૂઆત થાય છે.

(૩) જુથ તથા ઉપજુથ અને સામાજિકરણ. : એક થી પાંચ વર્ષનાં સમયગાળા દરમ્યાન બાળક રમતનાં માધ્યમ દ્વારા સહકારની ભાવના તથા શિસ્તના પાઠ શીખે છે. ટુકમાં કહેતા સામાજિક આંતરક્રિયાના પ્રકાર તરીકે સહકાર, સંઘર્ષ, સ્પર્ધા જેવી પ્રવૃતિ તથા તેનાં શિસ્તનાં પાઠ શીખે છે. તથા પોતાની ટોળી તથા અન્યની ટોળી જેવા ભાગને સમજતા શીખે છે. જે જુથનાં પ્રકાર તરીકે અમજુથ તમજુથ જેવા ભાગ પાડે છે.

(૪) સાંસ્કૃતિક મૂલ્યો અને સામાજિકરણ. : બાળકોના કોઇપણ રમત જુથ જોવામાં આવેતો તેમાં તેની રમતોમાં હળવા પ્રકારની સાંસ્કૃતિક મૂલ્ય વ્યવસ્થા પણ જોઇ શકાય છે. અમુક જુથ સાથે રમવું, ટોળકીના નીતિ નિયમોનું પાલન કરવું વગેરે. મનોવૈજ્ઞાનિક ફ્રોઇડ માનવ મસ્તિષ્કને સમજવા થેરેપી(Therapy) નો સ્વીકાર કરી મનો વિશ્લેષણવાદી પ્રવૃતિનો સ્વીકાર કરીને જણાવેલ જેનાં દ્વારા જણાવેલ કે આપણા પ્રતિદિનની જે જીવનશૈલી છે તેને સૌથી વધુ અચેતન મન નિયત્રિત કરે છે. આ અચેતન મનમાં તે બધાજ સંસ્મરણ હોયછે જે બાલ્યાવસ્થામાં થયા હોય છે. ટુંકમાં કહેતા જણાવે કે બાલ્યા વસ્થા દ્વારા વ્યકિત જે કાઇ શીખે છે. જેમકે માર-પીટ, સુખદ-દુખદ અનુભવ, રમતનાં નિયમો વગેરે આપણા મગજમાં સગ્રહાઇને પડયા રહે છે.

(૫) સંસ્થીકૃત ધ્યેય અને સામાજિકરણ. : દરેક સામાજિક વ્યવસ્થા જળવાઇ રહે તે માટે તેનાં સંસ્થીકૃત ધ્યેય હોય છે. આ ધ્યેય પ્રાપ્ત કરવાનાં સમાજ માન્ય માર્ગો હોય છે. સમાજની તંદુરસ્તીનો આધાર આવા ધ્યેય પ્રાપ્ત કરવાનાં માર્ગ ઉપર હોય છે વ્યકિત ઇચ્છીત ધ્યેયની પ્રાપ્તી માટે જયારે સમાજ માન્ય માર્ગને અપનાવે ત્યારે સમસ્યારૂપ બનતો નથી પણ જયારે તે સમાજ અમાન્ય માર્ગનો સહારો લે છે ત્યારે સમસ્યારૂપ બને છે. શેરીના જુથો ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં હોળી જેવા સામાજિક તહેવારમાં પોતની શેરીમાં હોળી થાય અને તનાં દર્શનો લાભ મળે તેવુ ઇચ્છતા હોય પરંતુ હોળી માટેનાં લાકડાં ભેગા કરવા લાકડાની ચોરી રમત જુથો (જેને ગૈરેયા તરીકે ઓળખવામાં આવે છે) ન કરે તેવી ઇચ્છા શેરીનાં લોકો રાખતા હોય છે.

ટુંકમાં ઉપરોકત બાબતનાં આધારે નીચેની રીતે ફળશ્રૃતિ પ્રાપ્ત કરી શકાય.

(૧) રમતજુથોએ બાળકને ભાવિ જીવનનાં વર્તનના ધોરણોની સમજ આપવાનું શીખવે છે.

(૨) દરેક રમતના નિયમો જુદા-જુદા હોય છે. તેમ સામાજિક વ્યવસ્થામાં સામાજિક ધોરણો અનેક પ્રકારનાં હોય છે.

(૩) નિયમોના પાલનથી રમત ટકી રહે છે. તેમ સામજિક વ્યવસ્થા સામાજિક ધોરણોનાં કારણે ટકી રહે છે.

(૪) રમત જુથનું માળખુ જેમ રચનાતંત્રનાં માળખાનાં તત્વો સાથે સબંધીત છે તેમ સામાજિક વ્યવસ્થાને પણ તેનું માળખું છે.

સંદર્ભસુચી

- ⇨ એ.જી.શાહ અને જે.કે.દવે સમાજશાસ્ત્ર પરીચય, અનાડા પ્રકાશન, અમદાવાદ ૨૦૦૭
- ⇨ એ.જી.શાહ અને જે.કે.દવે. સામાજિક સંશોધનની પધ્ધતિઓ, અનાડા પ્રકાશન, અમદાવાદ ૨૦૦૯
- ⇨ એ.જી.શાહ અને જે.કે.દવે. સામાન્ય સમાજશાસ્ત્ર અનાડા પ્રકાશન, અમદાવાદ ૨૦૦૯
- ⇨ એ.જી.શાહ અને જે.કે.દવે. સમાજશાસ્ત્રીય વિચારકો :અનાડા પ્રકાશન, અમદાવાદ ૨૦૦૯
- ⇨ સમાજશાસ્ત્રકી નઇ દિશાએ :- એસ.એલ.દોષી પી.સી.જૈન. નેશનલ પબ્લિશીંગ હાઉસ, જયપુર.
- ⇨ ભારતીય સમાજ એવમા વિચારધારાએ : ગોવિન્દ ચંદ્રેય પાંડેય : નેશનલ પબ્લિશીંગ હાઉસ જયપુર.
- ⇨ Akolkar V.V. Social Psychology Asia Publishing House 1953

* ડો. એસ.એચ. રાજયગુરુ

Arts [SOCIOLOGY]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 53 - 55
ISSN 2319 - 8168

પર્યાવરણ : ગઈકાલ, આજ અને આવતીકાલ

સમુદ્ર વસને દેવિ , પર્વત સ્તનમંડણે
વિષ્ણુ પત્ની નમસ્તુભ્યં યાદ : સ્પર્શ : ક્ષમસ્વમ

આ સંસ્કૃત શ્લોક આપણી સંસ્કૃતિ પર્યાવરણ અંગે રક્ષિત સંસ્કૃતિ છે. તે બતાવે છે. અને માનવી સવારની પ્રાર્થના આ સંસ્કૃત શ્લોક થી કરે છે. પર્યાવરણ ની ગઈકાલ પ્રાકૃતિક પ્રેમ સાથે સંકળાયેલી હતી તે બાબતની સાબિતી આપે છે. પ્રાચીન સંસ્કૃતિ અને તે સમયના જીવનમાં પ્રાકૃતિક તત્વોની પુજા અને આરાધનાઓ ખ્યાલ સમાયેલો હતો. સુર્ય, ચંદ્ર , નદી , પર્વતો એન વૃક્ષોની પુજા થતી હતી.પ્રાકૃતિક તત્વોની જાળ વણી કોઈ દેવી , દેવતા અને જીવનના એક જરૂરી તત્વો સમાન નથી.

આજે વૈશ્વિક સ્તરે પર્યાવરણ અંગે ચર્ચા વિચારણા થઈ રહી છે. પર્યાવરણીય તત્વોના વધુ ને વધુ ઉપયોગ કે વ્યવ વિશ્વ સ્તરે ગંભીર ચર્ચાનો વિષય છે. ત્યારે અનેક વિધ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ સરકારશ્રી અને સમાજના સભ્યો આ અંગે જાગૃત થવા લાગ્યા છે.શૈક્ષણિક સંસ્થાઓમાં પર્યાવરણ શિક્ષણ ઉપર ભાર અપાવા લાગ્યો છે. તો વળી સ્વચ્છતા ,સ્વચ્છ આરોગ્ય અને ઉર્જા બચાવ કે પાણી અને જંગલ જાળવણી જેવા પ્રશ્નો પર વધારે ધ્યાન અપાવા લાગ્યું છે ઘટતા જતા પર્યાવરણીય તત્વોની ગંભીરતા માં ધીરે ધીરે લોકો સમજવા લાગ્યા છે. આ અંગે ૧૯૯૨ મા ં બ્રાઝીલ ખાતે રીયો –ડી –જાનેરોમાં પર્થ્વી પરિષદ યોજાઈ હતી જેમાં ઓઝોન લેયરમાં પડતા છિદ્રો અને તેના ગંભીર પરિણામો બાબતે ચર્ચા વિચારણા થઈ જેમાં એજન્ડા –૨૧ ની રચના કરવામાં આવી તે અનુસાર પર્યાવરણ પ્રદુષણને નિયંત્રીત કરી પર્યાવરણ અનુરૂપ સમૃધ્ધ વિકાસ સાધવાની બાબત પર ભાર મુકાયો જેમાં ૪૦ પ્રકરણો અને ૬૦૦ પાનાનો સમાવેશ કરવામાં આવેછે.

દિવસે –દિવસે વધતો જતો પર્યાવરણ નો ઉપયોગ ભવિષ્યની પેઢી માટે ખતરારૂપ છે કેટલીક વનસ્પતિઓ , પ્રાણીઓ કે પંખીઓને આવનારી પેઢી માત્ર પુસ્તકો ધ્વારા જ ઓળખી શકશે. ભવિષ્યમાં પાણીનો બચાવ નહી. થાય તો પાણીની એક એક બુંદને હજારો રૂપિયા આપીનેપણ નહી ખરીદી શકાયા વાયુ પ્રદુષણના પરિણામે વિશ્વમાં વધતુ જતુ તાપમાન મોટી મોટી હિમશીલાઓ દરિયાઈ સપાટીમાં ત્સુનામીના મોજાઓ લાવશે. અને કેટલાક વૈજ્ઞાનીક અભ્યાસો જણાવે છેકે ભવિષ્યમાં તત્વોની જાળવણી કે વધતી જતા તાપમાન ન અટકાવી શકાય તો વિશ્વના દરિયા કિનારાના બેટ સમાન બની જશે ગ્લોબલ વોર્મીંગની સમસ્યાઓ ઉદભવશે માટે ભવિષ્યની પેઢીને આપણે પર્યાવરણ તત્વો વારસામાં આપી શકીશું કે કેમ ? તે એક પ્રશ્નાર્થ છે.

પર્યાવરણ ની ગઈકાલ :–

" વિશાળ જગ વિસ્તારે નથી એક જ માનવી
પશુ છે , પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ "
– ઉમાંશકર જોષી

ઈતિહાસ માં સિધુંખીણની સંસ્કૃતિ દરમિયાન લોકો પ્રાણીઓ અને વનસ્પતિઓ ની પુજા અને ઉપાસના કરતા હતા .વૃક્ષમાં પીપળો અને લીમડામાં પ્રેતવાસની માન્યતાઓ પરિણામે ઈજીપ્તના લોકો તેની પુજા કરતા આર્યા પ્રાકૃતિક તત્વોને દૈવી શકિત ગણતા જેમ કે વાયુ , પૃથ્વી , અગ્નિ ,ઈન્દ્ર વગેરે તજ્જવોની પુજા થતી આ તમામ દેવોને પ્રસન્ન કરવા તેમની પુજા અને યજ્ઞો થતા. વળી પ્રાચીન લેખક યાસકના વર્ગીકરણ માં મુખ્ય ત્રણ પ્રકારના દેવોનો ઉલ્લેખ છે આકાશ પાતાળ અને પુથ્વી પર રહેનારા દેવો.

મકરંદ દવે નામના કવિએ વરાહ પુરાણ અને અગ્નિ પુરાણ માંથી પસંદ કરેલ સંસ્કૃત શ્લોકમાં વૃક્ષો અને પર્યાવરણ ની રક્ષા દર્શાવાઈ છે. પર્યાવરણ અને વૃક્ષો વ્યકિતના આત્માને સંતોષ છે અંતિમ મોક્ષ અપાવે છે. અને વૃક્ષોને પુત્રો સાથે સરખાવ્યા છે. બધાના દુ:ખો પ્રાચીન સંસ્કૃતિ અનુસાર માનવી અને કુદરતી બાબતોની ગઈકાલ એ અનોખો સમન્વય ભારતીય સંસ્કૃતિમા છે.

પર્યાવરણ ની આજ :–

" આપણે જેવું વિચારીએ છીએ તેવા છીએ
આપણે જે કાંઈ છીએ તે બધુ પેદા થાય છે.
આપણા વિચારોથી આપણે આપણા વિશ્વનું સર્જન

* આચાર્યશ્રી, માતૃશ્રી આર.આર. મોણપરા આર્ટસ કોલેજ, ભાવનગર

કરીએ છીએ."

– બુધ્ધ

ઉપરોકત ઉકતિ અનુસાર પર્યાવરણ ની આજ કેવી છે તે બાબત પ્રદર્શીત થાય છે. આપણા વિચારોથી આપણે વિશ્વનું સર્જન કરી એ છીએ.એ વાત સાચી જ તો છે.હાલમાં પર્યાવરણ ની વિનાશક પરિસ્થિતિ માટે માનવી તેના વિચારો અને તેની જીવન શૈલી જ જવાબદાર ગણાવી શકાય માનવીને વધુ ને વધુ આધુનિક જીવન શૈલી વધતા જતા ઉદ્યોગો , વસતિ વગેરે પર્યાવરણના વિનાશ માટે જવાબદાર છે. આ તમામ બાબતોએ પર્યાવરણીય પ્રદુષણો સર્જાયા છે. જેમાં જળ ,હવા , જમીન અને ધ્વની પ્રદુષણો પર્યાવરણ ની હાલની વાસ્તવિક પરિસ્થિતિ નું નિર્માણ કરવા માટે જવાબદાર ગણાવી શકાય દેશ રાષ્ટ્રના આરોગ્ય માટે નુકશાનકર્તા છેપર્યાવરણીય પ્રશ્નોને નિવારવાના વ્યાપક પ્રયાસો થવા લાગ્યા છે વિશ્વમાં પૃથ્વી શિખર પરિષદો યોજાવો લાગી છે .આ પરિષદો ધ્વારા લેયર પડી રહેલા છિદ્રોની જાણકારી પ્રાપ્ત થઈ માનવીને પર્યાવરણનો વિનાશ કરી ને પોતાનો વિકાસ કર્યા અને પ્રાકૃતિક તત્વોને નાથવાનો વ્યર્થ પ્રયાસ કર્યા તેવું આજ હાલ ની પર્યાવરણીય પરિસ્થિતિ જોતા લાગે છે. વિશ્વમાં પર્યાવરણીય સંરક્ષણ સંદર્ભ વિવિધ પર્યાવરણીય ચળવળો શરૂ થવા લાગી અને પર્યાવરણના ક્ષેત્રમાં જાગૃતિ લાવવાના પ્રયાસો થવા લાગ્યા માનવીઓ જાગુકત બનીને પોતાની આધુનિક જીવનશૈલી બદલવવાની જરૂ ર છે. તેવું માનવા લાગ્યા છે. એ સમયે હવે દૂર નથી. જયારે પ્રકૃતિ પોતાનો પ્રકોપ વધુ વ્યાપક રીતે વિપરિત સ્વરૂપે ફેલાવે અને પૃથ્વી પર ના માનવીય જીવનના ભવિષ્યને ધુધળુ બનાવે.

આમ આધુનિક પર્યાવરણીય બાબતોથી સમાજનો સમગ્ર વર્ગ સભાન બને તે હેતું થી હવે શિક્ષણના ક્ષેત્રમાં પણ પર્યાવરણનો અભ્યાસ વ્યાપક બન્યો છે. અવાર નવાર સંચાર માધ્યમો ધ્વારા પર્યાવરણ જાળવણી જાગૃતિની રજુઆતો જોવા મળી છે. ગુજરાતની મુખ્ય ચાર નદીઓ તાપી નર્મદા મહી અને સરસ્વતી આજે દુષિત થયેલી છે. તો બીજી તરફ વિશ્વનું બદલાતું તાપમાન ખનીજો મેળવવાની વિધિવ પ્રકિયા વગેરે પરિસ્થતિના કારણે પર્યાવરણનીઆજ અત્યંત ભયાનક અને વિનાશક છે. આ પરિસ્થતિને નિયંત્રીત કરવાનના પ્રયાસો શું યોગ્ય પરિણામ લાવી શકાશે ? પર્યાવરણ ના વર્તમાન ને સુધારી શકાશે ?

૨૨ મી માર્ચ " વિશ્વ જળ દિન " તરીકે ઉજવાય છે. દુનિયાની નદીઓમાં વહેતા કુલ જળના માત્ર ૪% જળ જ ભારતમા વહે છે. આ ટકાવારી સાથે આપણે ભવિષ્યની પેઢ ીની વારસામાં પાણી કે પાણી નું ચિત્ર આપીશું ?

પર્યાવરણની આવતીકાલ :–

પર્યાવરણ પ્રશ્નો સાથે શું આપણે ભવિષ્યની પેઢીને વારસામા સ્વચ્છ અને સુંદર પર્યાવરણ આપી શકીશું ? તે પ્રશ્ન ખરેખર ગંભીર ચર્ચા માંગી લે તેવો છે. પર્યાવરણની ગઈકાલ અંગેનું ચિત્ર સ્વચ્છ હતું હાલની પરિસ્થતિ અસ્પષ્ટ અને વિનાશક છે. ઓઝોન લેયરમાં પડતા છિદ્રો વિશ્વમાં તાપમાનમાં વધારો કરવા લાગ્યા છે. જેને આધુનિક સભ્યના વૈજ્ઞાનિકો ગ્લોબલ વોર્મિંગ ના નામે ઓળ ખાવે છે.હવાના પ્રદુષણો વધવાથી આકાશમાં રહેલ ઓઝોન લેયરમાં છિદ્રો પડવા લાગ્યા જેમણે આજે ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ છે. ભવિષ્યમાં આ પરિસ્થતિ અત્યંત મુશ્કેલી રૂપ સાબીત થશે.

પુથ્વીપર ના વધતાજતાં ઉષ્ણતાપમાનને પરિણામે કૃષિક્ષેત્રે અનિચ્ચીતાને વધતી જાય છે જેના કારણે કૃષિઉત્પાદન ક્ષેત્રે ઘટાડો નોધોવ્યો છે તો વળી હિમાલયના હિમગ્લેશિયરોનું કદ નાનું થતું જાય છે. જેથી ભવિષ્યમાં ગંગાનો પ્રવાહ સુકાઈ જવાનો ભય ઉભો થયો છે ટુંકમાં ગ્લોબલ વોર્મીગ ની પરિસ્થતિ પ્રત્યેક ખંડની ભૌતીક અને જૈવીક હાલમાં પ્રભાવિત કરી રહેલ છે. અગાઉના વર્ષા કરતા હાલ માં વિશ્વમાં તાપમાનમાં વધારો વ્યાપક સ્વરૂપે નોધાયો છે પર્યાવરણના વૈજ્ઞાનિકો એવો ભય વ્યકત કરે છે કે ઉપરીય યુરોપમાં તાપમાન ના વધારાના કારણે સમુદ્રની પાણી લુપ્ત થઈ જશે. આ માત્ર તારણો જ છે. જો કે તે અંગે કોઈ સમયગાળો નિશ્ચીત કરી શકાતો નથી.

તો વળી બીજા ભયજનક બાબત એ રજુ કરે છે કે સમુદ્રની જળ સપાટી ઐતહાસિક રીતે વધશે. જેમાં ભારતના મુંબઈ અને પાકિસ્તાન ના કરાચી જેવા દરિયા ઉપરના શહેરો સામ ખતરો ઉભો થયો છે. પૃથ્વી પર આવેલો બરફના શિખરો ઝડપથી પીગળી રહયા છે. અને સમુદ્રની સપાટી ભયજનક રીતે વધી રહી છે. જે ભવિષ્યમાં પર્યાવરણીય ચિત્રને સ્પષ્ટ કરે છે. અને ભવિષ્યના ત્સુનામી જેવી ભયંકરપરિસ્થતિ ઓ સર્જાવાની શકયાતાઓ પણ વધી જાય છે. ૪ એપ્રિલ ૨૦૦૮ ના રોજ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમા વાવાઝોડા સાથે કરા પડવાના અહેવાલો નોધાયો છે એન્ટાર્કટીકા મા ફેબ્રુઆરી ૨૦૦૮ માં ૧૪,૫૦૦ ચોરસ મીટરનો વિલ્કિસન આઈસ સેલ્ફ નામનો બરફનો ટુંકડો છુટો પડી સમુદ્ર માં ભળી ગયો. પર્યાવરણના ભવિષ્યનો વિચાર કરતા કહેવાય કે ઉનાળામાં વરસાદ તો કયાંક વધુ ગરમી ચોમાસામાં અનરાધાર વરસાદ અને શિયાળામાં સતત ઠંડી વગેરે પરિસ્થતિઓ આ પ્રમાણે કેમ સર્જાણી ? તો તેનો એક માત્ર જવાબ "ગ્લોબલ વોર્મીગ " ટુંકમાં ગ્લોબલ વોર્મીગ ની કેટલીક માઠી અસરો સજાર્શ ભવિષ્યમાં જેમાં

હવામાનમાં ફેરફાર દરિયાઈ સપાટીની ઉચાઈમાં વધારો ખેતીનો પાક અને ઉત્પાદકતામાં ખાસ ઘટાડો, ભારતના ૩૩ % જિલ્લાઓ ખેતી વિષયક કટોકટી ઉદભવી છે. અનેક રોગો વધ્યા છે મેલેરીયા , ડેગ્યું , તાવ , તાપમાન ૩ થી ૫ સેન્ટીગ્રેડમાં વધારો થવાથી બીમારી વધી છે. હવામાનના બદલાવવામાં જંગલોનો નાશ અને રણ વિસ્તારો વધશે.

વિવિધ રસાયણો અને રાસાયણિક ચીજોનો ઉપયોગ મનુષ્યને સીધો કે આડકતરી રીતે અસર પહોચાડે છે. તેમજ આપવા જીવનના જરૂરી એવા ગેસ ,પ્લાસ્ટીકની વસ્તુઓ,ડિઝલ કે સાબુ, ડિટર્જન્ટો તેમજ બીજુ ઘણુ બધુ , આધુનિક કેમીકલ ઈજનરી સગવડો અને જ્ઞાનના વિવિધ સાધનો જીવનની ગુણવતાને સુધારે છે તો બીજી તરફ રાસાયણિક ઉત્પાદનો સ્વચ્છ અને તંદુરસ્ત પર્યાવરણની ખાતરી આપવાનો પડકાર પણ ઉભો કરે છે.

ગ્લોબલ વોર્મીગ ની આ ભયાનક ભવિષ્યની પરિસ્થતિને નિવારવા વિશ્વસ્તરે ગ્લોબલ વોર્મીગ ની અસરોની જાગૃતિ લાવવાના બહોળા પ્રયાસો થઈ રહયા છે. માટે આ વિકસીત રાષ્ટ્રાએ આર્થિક તેમજ ટેકનીકલ સપોર્ટ આપવાની તૈયારી પણ દર્શાવી છે. વિકાસશીલ દેશો આ માટે પગલા લેવા તૈયાર બન્યા છે. સમસ્યા વધુ વ્યાપક બને તે પહેલા જ તેને કાબુમાં લેવાના પ્રયાસો થઈ રહયા છે. આગામી વર્ષોમાં ગ્લોબલ વોર્મીગ ની અસરોથી વિશ્વને મુકત કરાવવા માટે સમગ્ર વિશ્વ પ્રતિબધ્ધ બન્યું છે.

આમ પર્યાવરણની ગઈકાલમાં પર્યાવરણની જાળવણી અને પુજા , ઉપાસના ખ્યાલો સંકળાયેલા હતા અને વર્તમાન સમયમાં પર્યાવરણની પરિસ્થિતી વધારે ને વધારે વિકટ થતી જાય છે.પર્યાવરણીય કાયદાઓ હોવા છતા તેનું પાલન કોણ અને કેટલું ? એક પ્રશ્નાર્થ છે. ભવિષ્યની પેઢીને પ્રાકૃતિક તત્વો વારસામાં માત્ર પુસ્તકમાં જ ભણાવી શકાશે. ખરેખર પર્યાવરણ સુરક્ષા ભવિષ્યની પેઢી ને વારસામાં આપવાની જરૂર છે.

સંદર્ભગ્રંથો

- ડો. જે.સી. પટેલ, પર્યાવરણ અને સમાજ, પાર્શ્વ પબ્લીકેશન, અમદાવાદ.
- એચ.એલ. ચાવડા, પર્યાવરણનું સમાજશાસ્ત્ર, પેરેડાઈઝ પ્રકાશન, જયપુર
- ડો. સુમનબેન ચૌધરી, પર્યાવરણનું સમાજશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ

* આરતી આર. વ્યાસ

Arts [PSYCHOLOGY]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 56 - 58
ISSN 2319 - 8168

સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન અંગેનો વિશ્લેષણાત્મક અભ્યાસ

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન અંગેનો અભ્યાસ કરવાનો હતો. અહીં 2 × 2 × 2 ફેકટોરીયલ ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવ્યો. આ સંશોધન માટે ડૉ. હરકાંત ડી. બદામી અને ડૉ. (શ્રીમતી) ચારૂલત્તા એચ. બદામી (1970) રચિત "કૌટુંબિક સમાયોજન સંશોધનિકા" નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભાવનગરની આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખા ચલાવતી કોલેજોમાંથી હેતુપૂર્વક નંદકુંવરબા મહિલા કોલેજને પસંદ કરવામાં આવી. જેમાંથી સાદા યાદચ્છિક રીતે કુલ 120 નો નમૂનો પસંદ કર્યો. જેમાં 60 આર્ટ્સ અને 60 કોમર્સ પ્રવાહની વિદ્યાર્થીનીઓ લેવામાં આવી. આર્ટ્સ પ્રવાહમાં પણ 30 ગ્રામ્ય અને 30 શહેરી રહેઠાણ વિસ્તારની તેમજ કોમર્સમાં 30 ગ્રામ્ય અને 30 શહેરી રહેઠાણ વિસ્તારની વિદ્યાર્થીનીઓ લેવામાં આવી. પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ 'F' કસોટી દ્વારા કરવામાં આવ્યું. પરિણામ દર્શાવે છે કે વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન પર અભ્યાસ પ્રવાહ અને રહેઠાણ વિસ્તારની અસર સાર્થક જોવા મળે છે. વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન પર અભ્યાસ પ્રવાહની અસર સાર્થક જોવા મળે છે. (F=4.64) વિદ્યાર્થીનીઓ કૌટુંબિક સમાયોજન પર રહેઠાણ વિસ્તારની અસર પણ સાર્થક જોવા મળે છે. (F=669.00) જયારે વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન પર અભ્યાસ પ્રવાહ અને રહેઠાણ વિસ્તારની અસર અસાર્થક જોવા મળે છે. (F=1.89)

1. પ્રસ્તાવના :

વિદ્યાર્થી જીવનમાં અનેક પાસાઓ અસર કરે છે. જેમાં તેના સામાજીક, વાર્તનિક, જૈવિક, તેમજ આવેગિક બાબતોનો સમાવેશ થાય છે. વિદ્યાર્થી કેવું વર્તન કરે છે ? તેમાં તેની પરિપકવતાનું પાસું રહેલું છે. વિદ્યાર્થીની પરિપકવતાનો ખ્યાલ જે–તે પરિસ્થિતિમાં કરવામાં આવતાં સમાયોજન પરથી આવતો હોય છે. માનવીના જીવનમાં દરેક ઉંમરે અને અવસ્થામાં સમાયોજનની જરૂર પડે છે. કારણ કે, દરેક અવસ્થામાં માનવીને નવો સંઘર્ષ અને નવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જયાં સમાયોજન છે ત્યાં સંઘર્ષ અને સમસ્યાઓ રહેલી છે. કારણ કે, સમાયોજન દ્વિપક્ષીય પ્રક્રિયા છે.

પ્રત્યેક સમાજનો માનવી જીવનમાં સુખનાં સર્વોત્તમ શિખર સર કરવાનો પ્રયાસ કરી રહયો છે. સુખને પ્રાપ્ત કરવાની આ પ્રબળ ઝંખનામાં સૌથી મહ²વની બાબત વાતાવરણ સાથેનું સમાયોજન છે. વાતાવરણ સાથે પૂર્ણ સમાયોજન એ સુખની ચરમસીમા દર્શાવે છે. જીવનને અર્થપૂર્ણ બનાવવા માટે જીવનના એક તબકકામાં અને પ્રત્યેક ક્ષેત્રમાં વ્યકિતએ સમાયોજીત બનવાના પ્રયત્નો સતત ચાલુ રાખવા પડે છે. સતત પરિવર્તનશીલ વાતાવરણ સાથે સમાયોજન સાધવાના અવિરત પ્રયાસોમાં વ્યકિતએ પોતાની જાતમાં પરિવર્તન લાવવું પડે છે. અથવા શકય હોય તો વાતાવારણને બદલવું પડે છે. સમાયોજીત વ્યકિત સમતોલ વ્યકિતત્વ અને સારુ માનસિક સ્વાસ્થ્ય ધરાવે છે.

લેહનર અને કયુબ જણાવે છે તેમ માનવજાતને પરિચિત એવી કુંટુંબ સંસ્થાએ જૂનામાં જૂની સંસ્થા છે. એ ખરૂ કે પ્રાચીન સમયમાં કુંટુંબમાં જેટલા અને જેવા કાર્યો હતા એ બધા જ આધુનિક સમયમાં રહયા નથી. સાંપ્રત સમયમાં વિશ્વભરમાં એવી પરિસ્થિતિ ઉભી થઈ છે કે, જે કુંટુંબસંસ્થાને માટે પડકારરૂપ છે. કોઈ વખત કુટુંબના અસ્તિત્વનો પ્રશ્ન પણ ગંભીરતાપૂર્વક ચર્ચાનો વિષય બને છે. પરંતુ એટલું ચોકકસ છે કે, કુટુંબ સંસ્થાની સામે ગમે તેટલા પડકારો હોય છતાં પણ એક યા બીજી રીતે કુંટુંબસંસ્થા ટકી જ રહેવાની છે. પ્રજોત્પતિ અને બાળ ઉછેરનું કાર્ય કુંટુંબમાં જ સારી રીતે થઈ શકે એ વિશે શંકા ઉઠાવી શકાય તેમ નથી.

કુંટુંબમાં સામાન્ય રીતે પતિ–પત્ની, બાળકો, દાદા–દાદી, કાકા–કાકી વગેરેનો સમાવેશ કરી શકાય. પરંતુ આજે એવું રહયુ નથી. આજે ધીમે–ધીમે નાના કુટુંબ તરફનો વળાંક જોવા મળે છે. જૂનાં સમયમાં સંયુકત કુટુંબના સ્થાને વિભકત કુંટુંબો આકાર પામતા જાય છે. આવા નાના કુંટુંબમાં પતિ–પત્નિ અને બાળકોને ગણાવી શકાય.

સમાજશાસ્ત્રીઓ માને છે કે, કુટુંબ એ જૂનામાં જૂની સામાજીક સંસ્થા છે. સમાજનો પ્રારંભ જ કુંટુંબથી થયો. સામાન્ય રીતે આવા કુંટુંબમાં પતિ–પત્ની અને બાળકોનો સમાવેશ કરી શકાય. કુંટુંબની રચના લોહીના સંબંધો પર થયેલી છે. જો કે ભારત જેવા દેશમાં એક સમયે સંયુકત કુંટુંબની પ્રથા પ્રચલિત હતી. જેમાં પતિ–પત્ની અને બાળકો ઉપરાંત મામા–મામી, કાકા–કાકી, દાદા–દાદી,

* પી.એચ ડી. વિદ્યાર્થી, (મનોવિજ્ઞાન વિભાગ) શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર

ભાભી–નણંદ વગેરે વ્યકિતઓનો સમાવેશ થતો હતો. ભારતમાં સંયુકત કુટુંબની પ્રથા ધીમે–ધીમે લોપ પામવા લાગી છે, અને તેની જગ્યાએ વિભકત નાના કુટુંબની પ્રથા પ્રચલિત થવા લાગી છે. આવા નાના કંટુંબમાં પતિ–પત્ની અને બાળકોનો સામાન્ય રીતે સમાવેશ થાય છે.

પોલ સ્ક્રેકર કુટુંબને પરંપરાઓના વાહક તરીકે ઓળખાવે છે. તો ડૉ. રાધાકૃષ્ણન કુંટુંબનો વિશાળ અર્થ કરીને કહે છે કે, આખું જગત એક કુટુંબ છે. સમાજશાસ્ત્રીય મેકાઈવર કુટુંબની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

''કુંટુંબ એક જ નિવાસમાં સાથે રહેતો એક એવો સમૂહ છે, કે જેમાં સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો સંબંધ પ્રજનન અને બાળઉછેર પૂરતો નિશ્ચિત અને કાયમી હોય છે. તેમાં સ્ત્રી, પુરૂષ અને સંતાનો ઉપરાંત નજીકમાં સગાઓનો સમાવેશ થાય છે.''

કુંટુંબ માન–તખ્તા પર ભજવાતું એક મનોનાટક છે. કારણ કે, કુટુંબની દરેક વ્યકિતમાં સ્વાર્પણની ભાવના, ક્રોધ વગેરે જોવા મળે છે. કુટુંબમાં એક એવી પરિસ્થિતિ ઉભી કરવામાં આવે છે કે, જેની અસર નીચે વ્યકિતના જીવનનું ઘડતર થતું જોવા મળે છે. કુટુંબનું વાતાવરણ સ્વાસ્થ્યપ્રેરક અને સંસ્કારી હશે તેટલી બાલ્યાવસ્થામાં બાળકો પર તેની સારી અસર પડશે અને તેમનો સ્વસ્થ વિકાસ થઈ શકશે. મનોવૈજ્ઞાનિકો બાળકોની જીંદગીના પહેલા પાંચ વર્ષો અમૂલ્ય ગણે છે, જે દરમિયાન બાળકને જે સંસ્કારો પડયા હશે તે જ ભવિષ્યમાં લાંબા સમય સુધી ટકશે. કુટુંબની દરેક વ્યકિતએ વિશિષ્ટ ભૂમિકા ભજવવાની હોય છે. બાળક કુટુંબનું કેન્દ્રસ્થાન છે માટે જ કહેવામાં આવ્યું છે કે ''બાળક માનવીનો પિતા છે'' બાળક કુટુંબનું એક વિશિષ્ટ અને અદ્વિતિય ઘટક છે, તેથી તેનો તિરસ્કાર કે માનહાનિ ન થાય એ ખાસ જોવું જોઈએ. એ જ રીતે કુટુંબમાં કોઈ પતિ છે તો કોઈ પત્ની, કોઈ પિતા છે તો કોઈ માતા, દરેકે પોતાના પાત્રને અનુરૂપ ભાગ ભજવવાનો હોય છે. અને એ જ રીતે કુટુંબમાં સભ્યતા અને સંસ્કારનું નિર્માણ કરી શકાય. જે વ્યકિત કુટુંબમાં પોતાના હોદ્દાને વફાદાર રહેતી નથી તે કૌટુંબિક વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી નાખે છે અને એથી કુટુંબનું બંધારણીય સંગઠન તૂટી જવા પામે છે.

માર્ગારેટ મીડે નૃવંશશાસ્ત્રીય સંશોધન દ્વારા એમ પૂરવાર કર્યું છે કે, કુટુંબની શાંતિ અને અશાંતિ પર વિશ્વની શાંતિ–સલામતી કે અસલામતી આધારિત છે. ડૉ. રાધાકૃષ્ણને સાચું જ કહયું છે કે ''બાળપણથી જ બાળકને શાંતિ ને અહિંસાના પાઠો શીખવવામાં આવશે તો જ વિશ્વમાં શાંતિ અને અહિંસાનું વલણ જોર પકડશે. વિશ્વની શાંતિનો પ્રારંભ કૌટુંબિક શાંતિથી જ કરી શકાય.''

2. હેતુઓ :

(૧) અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ આર્ટ્સ અને કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજનનું માપન કરવું.

(૨) રહેઠાણ વિસ્તારની દૃષ્ટિએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજનનું માપન કરવું.

3. સંશોધન પદ્ધતિઓ :

(અ) પરિવર્ત્યો :

પ્રસ્તુત સંશોધનના પરિવર્ત્યો નીચે પ્રમાણે છે.

A. **સ્વતંત્ર પરિવર્ત્યો :**

૧. અભ્યાસ પ્રવાહ (આર્ટ્સ–કોમર્સ)

૨. રહેઠાણ વિસ્તાર (શહેર–ગ્રામ્ય)

B. અવલંબિત પરિવર્ત્યો :

દરેક નમૂનાના કૌટુંબિક સમાયોજનની સંશોધનિકા પરથી પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકો.

(બ) ઉત્કલ્પના :

પ્રસ્તુત સંશોધન નીચે પ્રમાણે છે.

(૧) અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ આર્ટ્સ અને કૉમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે સરાસરી તફાવત સાર્થક નથી.

(૨) રહેઠાણ વિસ્તારની દૃષ્ટિએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે સરાસરી તફાવત સાર્થક નથી.

(૩) અભ્યાસ પ્રવાહ અને રહેઠાણની દૃષ્ટિએ સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે સરાસરી તફાવત સાર્થક નથી.

(ક) વ્યાપ વિશ્વ અને નમૂનો :

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે ભાવનગરની આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખા ચલાવતી કોલેજોમાંથી હેતુપૂર્વક નંદકુંવરબા મહિલા કૉલેજને પસંદ કરવામાં આવી. તેમાંથી સાદા યદૃચ્છ નમૂના પસંદગીની પદ્ધતિથી નિદર્શ લેવાનું નકકી કર્યું. કુલ 120 નો નમૂનો પસંદ કર્યો. નીચેના કોષ્ટકમાં નમૂનામાં સમાવિષ્ટ વિદ્યાર્થીનીઓની સંખ્યા દર્શાવેલ છે.

કોષ્ટક નં–1

નમૂનામાં સમાવિષ્ટ પસંદ થયેલ વિદ્યાર્થીનીઓની સંખ્યા દર્શાવતું કોષ્ટક

રહેઠાણ વિસ્તાર	અભ્યાસ પ્રવાહ		કુલ
	આર્ટસ	કોમર્સ	
ગ્રામ્ય	30	30	60
શહેરી	30	30	60
કુલ	60	60	120

કોષ્ટક નં–1 પરથી જોઈ શકાય કે પ્રસ્તુત સંશોધનમાં કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો. તેમાં આર્ટ્સ અભ્યાસ પ્રવાહની ગ્રામ્ય વિસ્તારની 30 અને શહેરી રહેઠાણ વિસ્તારની 30 વિદ્યાર્થીનીઓ તથા કૉમર્સ અભ્યાસ પ્રવાહની ગ્રામ્ય રહેઠાણ વિસ્તારની 30 અને શહેરી રહેઠાણ વિસ્તારની 30 વિદ્યાર્થીનીઓને સાદા યદૃચ્છ રીતે પસંદ કરવામાં આવી.

(ડ) સાધનો :

પ્રસ્તુત સંશોધનમાં ઉત્તરદાતા પાસેથી માહિતી એકત્રિત કરવા માટે નીચે પ્રમાણે સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો.

➢ **વ્યકિતગત માહિતી પત્રક :**

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીનીઓના વ્યકિતગત પરિવર્ત્યો જેમ કે, અભ્યાસ પ્રવાહ (આર્ટ્સ–કૉમર્સ) અને રહેઠાણ વિસ્તાર (ગ્રામ્ય–શહેર) વગેરેને લગતી માહિતી એકત્ર કરવા માટે વ્યકિતગત માહિતીપત્રકોનો ઉપયોગ કરવામાં આવ્યો.

➢ **કૌટુંબિક સમાયોજન માપન કસોટી :**

ડૉ. હરકાંત ડી. બદામી અને ડૉ. શ્રીમતી ચારૂલત્તા એચ.બદામી (1970) રચિત ''કૌટુંબિક સમાયોજન સંશોધનિકા'' નો ઉપયોગ માહિતી એકત્રિત કરવામાં આવ્યો. આ તુલામાં કુલ 40 વિધાનો છે. પ્રત્યેક વિધાન માટે 'હા', 'ના', '?' એવા ત્રણ વૈકલ્પિક ઉત્તરોમાંથી કોઈ એક ઉત્તર પ્રાપ્ત થાય છે. અહીં પ્રાપ્તાંકની ગણતરી મેન્યુઅલમાં આપેલ 'સ્કોરીંગ કી' પ્રમાણે કરવામાં આવી.

4. સંશોધન યોજના :

બે સ્વતંત્ર પરિવર્ત્યોની સ્વતંત્ર અને સંયુકત અસર તપાસવા માટે 2×2×2 ફેકટોરિયલ ડિઝાઈનનો ઉપયોગ કરવામાં આવ્યો. અહીં અભ્યાસ (આર્ટસ–કૉમર્સ), રહેઠાણ વિસ્તાર(ગ્રામ્ય–શહેર) જેવા બે સ્વતંત્ર પરિવર્ત્યોની વિશ્લેષણાત્મક અસર તપાસવા કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો.

5. પ્રક્રિયા અર્થઘટન :

પ્રસ્તુત ''કૌટુંબિક સમાયોજન સંશોધનિકા'' ત્રણ વૈકલ્પિક ઉત્તરો જે હા, ના કે ? નું માપન કરે છે. પ્રસ્તુત સંશોધનિકામાં કુલ 40 વિધાનો છે. અહીં હા માટે 1, ના માટે શુન્ય અને પ્રશ્નાર્થ(?) માટે શુન્ય ગુણ આપવામાં આવે છે. જેમ પ્રાપ્તાંક વિસ્તાર નીચો તેમ કોટુંબિક સમાયોજન નીચું અને પ્રાપ્તાંક વિસ્તાર વધુ ઉચો તેમ કૌટુંબિક સમાયોજન ઉંચું હોય છે એવું અર્થઘટન થાય છે.

6. પરિણામ કોષ્ટક :

કોષ્ટક નં–1

કૌટુંબિક સમાયોજનનો `F' દર્શાવતું કોષ્ટક

ક્રમ	ચલનો ઉદ્‌ભવ	વર્ગનો સરવાળો	df (k-1)	વિચરણ	'F' Ratio	સાર્થકતાની કક્ષા
1	A	31.01	1	31.01	4064	0.05
2	B	0.01	1	0.01	669.00	0.01
3	A × B	12.66	1	12.66	1.89	N.S.
4	Wss	775.64	116	6.69	-	-
5	Tss	819.32	119	-	-	-

7. પરિણામ ચર્ચા :

પ્રસ્તુત સંશોધનનો હેતુ કૌટુંબિક સમાયોજન માપન માટેનો હતો. જેમાં માહિતી એકત્રિકરણના સાધન તરીકે ડૉ. હરકાંત બદામી અને (શ્રીમતી) ડૉ. ચારૂલત્તા એચ. બદામી (1970) રચિત ''કૌટુંબિક સમાયોજનની સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી આર્ટ્સ અને કૉમર્સ પ્રવાહની ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી અભ્યાસ માટે આવતી વિદ્યાથીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે તફાવત છે કે, નહીં તે જાણવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત સંશોધનમાં પરિણામ કોષ્ટકનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે, અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ આર્ટસ અને કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીની સાર્થકતાની કક્ષા 0.05 કક્ષાએ સાર્થક થાય છે એટલે કે અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ વિદ્યાર્થીનીઓમાં કૌટુંબિક સમાયોજનમાં તફાવત જોવા મળે છે. આ તફાવત એવું દર્શાવે છે કે જે તે પ્રવાહના અભ્યાસની અસર વિદ્યાર્થીનીની માનસિક બાબતો પર થાય છે. આ પરથી એવું અનુમાન થઈ શકે છે કે આર્ટ્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાં કૉમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ કરતા સમાયોજનનું પ્રમાણ વધારે સારૂ હોય શકે.

પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીનીના કૌટુંબિક સમાયોજન પર રહેઠાણ વિસ્તારની પણ અસર જોવા મળે છે. રહેઠાણ વિસ્તારની દૃષ્ટિએ પણ 0.01 કક્ષાએ સાર્થકતા જોવા મળે છે. એટલે કે ગ્રામ્ય અને શહેરના વાતાવરણના કારણે કૌટુંબિક સમાયોજનમાં તફાવત હોય છે. તે અહીં સાબિત થાય છે. આના પરથી એવું અનુમાન થઈ શકે છે કે વિસ્તાર પ્રમાણે વાતાવરણ બદલાતુ હોય છે અને તેની અસર ત્યાં રહેનારી વિદ્યાર્થીઓના શારીરિક સાથે–સાથે માનસિક બાબતો પર થતી હોય શકે.

પ્રસ્તુત સંશોધનના `F' કોષ્ટકનો અભ્યાસ કરતાં જણાય છે કે F ratio અભ્યાસ પ્રવાહની બાબત એટલે કે A= 4064 જ છે. જેની સાર્થકતાની કક્ષા કક્ષાએ સાર્થક છે. તેથી અહીં પ્રથમ ઉતકલ્પના ખોટી સાબિત થાય છે અને અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ કૌટુંબિક સમાયોજનમાં તફાવત છે એવું કહી શકાય છે. F ratio બીજી ઉતકલ્પના એટલે કે રહેઠાણ વિસ્તાર B=0.01 કક્ષાએ સાર્થક છે. તેથી બીજી ઉતકલ્પનાનો પણ અહીં અસ્વીકાર થાય છે. અને સાબિત થાય છે કે રહેઠાણ વિસ્તારની પણ કૌટુંબિક સમાયોજન પર અસર થાય છે. પરંતુ ત્રીજી A×B=N.S આવે છે. એટલે કે રહેઠાણ વિસ્તાર અને અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ કૌટુંબિક સમાયોજન પર કોઈ અસર થતી નથી.

8. નિષ્કર્ષ :

1. અભ્યાસ પ્રવાહની દૃષ્ટિએ આર્ટસ અને કોમર્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે.

2. રહેઠાણ વિસ્તારની દૃષ્ટિએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે 0.01 કક્ષાએ તફાવત સાર્થક છે.

3. અભ્યાસ પ્રવાહ અને રહેઠાણ વિસ્તારની દૃષ્ટિએ સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓના કૌટુંબિક સમાયોજન વચ્ચે તફાવત અસાર્થક છે.

સંદર્ભગ્રંથ

⇨ કાપડીયા યુ., મુનશી આર. અને ગાંધી બી. (1970). ત્રીજી આવૃતિ, 'સમાજલક્ષી મનોવિજ્ઞાન. 'અનડા બુક ડીપો, અમદાવાદ, પૃ–328.

* ડો. નઝીમા શેખ

Arts [GUJARATI]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 59 - 61
ISSN 2319 - 8168

સમસંવેદન ધરાવનારી ત્રણ સ્ત્રીનો મનોસંઘર્ષ

આજે સમાજમાં સ્ત્રી શોષણ અત્યાચારની ઘટનાઓ સાથે નિસંતાનની સમસ્યા વધતી જાય છે. આધુનિક ટેકનોલોજીના કારણે વંધ્યત્વના નિવારણ માટે સ્ત્રોત ઉભા થાય છે. પરંતુ તેનો ખર્ચ સામાન્ય સ્ત્રી માટે શકય બનતું નથી. શારીરિક શરીરનું બંધારણ સ્ત્રી માટે ભગવાનનું વરદાન છે. પોતાના આત્માના પિંડને નવ મહિના ઉછેર કરવું, તેને આ દુનિયામાં લાવવાનું સૌભાગ્ય દરેક સ્ત્રીના નસીબમાં નથી હોતું. ગર્ભાશયની રહેલી ઉણપને લીધે સ્ત્રીના લગ્નજીવનમાં વિસંગતતાના પ્રશ્નો ઉભા થાય છે. વંશ વિના જીવનની નૈયા ડગમગી જાય છે. પતિ–પત્નિ વચ્ચે બાળકના અવતારથી મંગલત્રિકોણ રચાતો હોય છે. દામ્પત્યજીવનામાં સ્નેહનું તંતુ બાળક થકી હોવાથી જીવનમાં એકલત, શૂન્યતાનો વ્યાપ વધતાં તન–મનનાં અંતર વધે ધીમે–ધીમે સંતાન વિહોણી સ્ત્રીનાં સૂક્ષ્મ માનસિક સંચલનો તેના આંતરજગતની સુપ્ત ઈચ્છામાંથી હૃદયને વીંધતી ચીસ મનોસ્થિતિની વાચા આપે છે.

''અસ્તિત્વની કોમલ રેખ સુંદર
આંકી દીધી પીછીં તણે લહેકે,
એ રેખના રેલમછેલ છાંટા–
મહીં ઝિલાયા સ્વર પંખીઓના,
ને મોગરાની ખીલતી સુગંધી
એના વળાંકે હસતી મહોરી,
કલ્લોલતો લોલ વિભોર એના
રંગો મહીં તરવરતો પ્રકાશે
અસ્તિત્વની કોમલ રેખ સુંદર
વિશ્વ.....
અને સૌ નિજમાં સમાવી
લાડલી થૈ શી
મારી અહો ; કૂખ મહીં લપાયે ; – ગીતા પરીખ

મોહન પરમારની 'હેડકી' તેની નાયિકા કાંતા, ધીરેન્દ્ર મહેતા કૃત 'હું એને જોઉ પહેલા'ની નાયિકા મીના તથા દશરથ પરમાર કૃત 'અંધારું'ની નાયિકા ચંપા આ ત્રણેય નારીની સમસ્યા નિસંતાનપણાની છે. પોતાના જીવનમાં આવતી આ ઘટનાનું નિરાકરણ તેમની સુઝ–શકિતના મનોસંઘર્ષને સર્જકોએ કલાઘાટ આપ્યો છે. વાંઝણી નારીનાં ભાવઆંદોલનો–માર્મિક સંવેદનાઓને તેમના ચરિત્ર–ચિત્રણમાં નિરૂપાઈ છે. સંકુચિત માનસ ધરાવનાર સમાજનાં લોકો સ્ત્રીનાં ચરિત્ર ઉપર આંગળી ચીંધે છે. નિસંતાન સ્ત્રી પોતાના શરીરની ઉણપ સ્વીકારી તેની ગરિમાને જાળવી જીવનની જંગ જીતવા પરિવારની હૂંફ વિના એકલતાને બનાવી સમાજ સામે ઝઝૂમે છે.

નિસંતાન કાંતાની મનોવ્યથાનું નિરૂપણ લેખક મોહન પરમાર કરતી વખતે પુરુષનો રહેલો શંકાશીલ સ્વભાવથી સ્ત્રી રુંધામણ અનુભવે છે અંતે પરિસ્થિતિનો પડકાર કરતાં પોતે વિદ્રોહી બનવાનો સંઘર્ષ દાદ માગી લે છે. કાંતા ઘરકામની પ્રવૃત્તિમાં દિવસ તો પસાર કરે પરંતુ રાત્રી દરમ્યાન પતિ નટુ પાસેથી જાકારો મળે ત્યારે આંતરમન પોકારી ઉઠે છે હે ભગવાન કયારેય મારા ખોળાનો ખૂંદનાર આપશો ? પતિના સાથ સહકાર વિના કાંતા દેશી વિલાયતી દવા–કરાવે, તમામ દેવ–દેવીઓની બાધા તથા તપ કરી જીવનની શૂન્યતા દૂર કરવાના પ્રયત્નો કરે છે. તેની કાયાનો ભાર પણ બોજારૂપ લાગે, મનની મથામણ તેના ઉદગાર સરી પડે છે.'' છોકરાંને છબછબિયાં કરતાં જોતી, નાંગાપૂંગા, ગંદામેનાને ગોબરા તોય છોકરાને–પાંચ છોડીઓ અને ત્રણ છોકરા ભગવાને દીધાં છે એમાંથી એક જ મા એક મને દગો દીધો હોય તો.....તો.....''

(પૃ. ૧૩૬, ૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ)

જીવનની અધૂરપ દૂર કરવા વલખાં મારતી કાંતાને નટુ પાસેથી વેદનાનાં ઉઝરડાં મળે, તેને મલમરૂપે રાજસ્થાની ગેસના બોટલ મુકનાર પંદર વર્ષનાં રામજીની હૂંફ મળે છે પોતાનો દીકરો આ જ ઉમર હોતને ? મનની વ્યગ્રતાનો તાળો શોધવાનો પ્રયત્ન કરે, રામજીના જન્મદાત્રી દુર હોવાથી કાંતા માંની ખોટ પૂરી લાગણીના તંતુથી એકબીજાના પૂરક બને છે. તેને જોઈ હૈયાના હેત ઉભરાય છે. છાતીમાં દૂધની સેર ફૂટે, વાત્સલ્યના ઝરણાંથી રામજી નવડાવે છે કાંતા અને રામજીના નિર્દોષ સંબંધને નટુ 'શંકાશીલ સ્વભાવથી જુએ છે, રામજીને ઘેર આવતો બંધ કરી દે છે કાંતાની વાત્સલ્યની ક્ષણો છીનવાઈ જાય છે. કાંતા માનસિક રીતે ભાંગી પડે છે.

કાંતા એકલતા દૂર કરવાં નટુની માસી પાસે જાય, તેમના ઘરમાં પુત્રવધૂનાં બાળકોનો કિલ્લોલ જોઈ મન આનંદથી ભરાઈ જાય, તેના ચહેરાના હાવભાવ જોઈ માસી દિલાસો આપે આ હૈયાધારણ

* ઈ.ચા. આચાર્યાશ્રી, એસ.બી. મહિલા કોલેજ, હિંમતનગર

કાંતા માટે મલમરૂપ બને છે. કાંતાનો જીવનનૈયા ડગમગે છે. નટુ કાંતાને હૂંફ આપવાને બદલે લગ્નેત્તર સંબંધમાં વ્યસ્ત બને છે. લેખકે કથાલેખનમાં નિસંતાન ડેઈલી નાયિકાની સમસ્યા આલેખી કાંતાની મનની ચૈતસિક અવસ્થાની તાવણી કરી છે. ડેઈલી સંતાનવિહોણીનો સંઘર્ષનો અંત લાવવા પિયરની વાટ પકડે, પતિ બીજા લગ્ન કરે અને અંતે નાયિકા નાસીપાસ થઈ આપઘાતનો રસ્તો અપનાવે છે. આ ઘટનાથી કાંતાના મનમાં વેદનાનાં વમળો ચકરાવે ચડે પોતાનું દામ્પત્યજીવન બચાવા મનોમંથન કરે છે. નિસંતાનપણું કાંતા માટે અપરાધરૂપ બનતાં માસી પાસે નાના પુત્રની ત્રીજા નંબરની દિકરી માંગી બેસે છે. એક હોય કે ત્રણ મા માટે સંતાનની માયાનાં બંધન છૂટે ? સહજતાંથી કાંતાને કહે છે. ''તુંય ખરી છે આ તો અમારું મોઘું રતન.....ફાવે એને તારા ઘરે તો અમારા બધાંની હેવાઈ થયેલી છે. (પૃ. ૧૩૭–૧૩૮, ૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ)

કાંતાના ચિત્તમાં મહાયુધ્ધ ચાલે, તેની મનસ્થિતિ ડગમગી જાય છે સંતાનની, ભૂખ સંતોષવી કેવી રીતે ? નટુ પાસેથી હૂંફની આશ રાખવી શકય નથી. નિસંતાનપણું રોગ નથી જીવનની ઉણપ છે આ વાસ્તવિકતા સમાજનાં સ્વજનો સમજે છે. પરંતુ વ્યવહારમાં મદદરૂપ થવાનું શકય બનતુ નથી. શારીરિક તથા માનસિક રીતે ભાંગી પડેલી કાંતા ડેઈલી જેવી પરિસ્થિતિમાંથી પસાર ન થવું પડે, તથા શા માટે મમતાની ભીખ માંગવી ? શા માટે લાગણી વિનાના નટુ સાથે જોડાઈ રહેવું ? અનેક પ્રશ્નોનો તાગ મેળવવા, સમાજ તથા નટુની ચિંતાને ચિત્તામાં બાળી કાંતા જીંદગીની જંગ જીતવા નીકળી પડે છે. રામજીને વાત્સલ્યે ઉછાળો માર્યો, પગનો સંચાર વરતાયો.....

(પૃ.૧૩૮, ૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ)

સુખી દામ્પત્યજીવનની ચાવી પતિ–પત્નિ વચ્ચે પ્રેમનાં પ્રતીકરૂપે સંતાનનું આગમન છે. સ્ત્રી માટે માતૃત્વ ધારણ કરવું, તેનાં થકી શરીરનાં સંચારીભાવોનું પરિવર્તન જીવનની પરિપૂર્ણતા સર્જે છે. 'હું જોઉ એ પહેલાં' ની મીના અનેક વાર ગર્ભ ધારણ કરે પરંતુ સમય જતાં ગર્ભપાતનો સામનો કરવો પડે છે. સમય અંતરે સારા દિવસ રહેતા સંતાનને જન્મ આપવામાં સરળતા માટે માં મીનાને પિયરમાં લઈ આવે છે. મીના ગર્ભના વિકાસની સાથે અસલામતીની ચિંતાના ભાર હેઠળ સતત ફફળતી રહે, જીવનની પ્રત્યેક ક્ષણ સજાગતાથી–નાની બાબતે વિચારીને કાર્યશૈલીથી ઘરમાં ઉપહાસનું પાત્ર બને છતાં માં, નાની, બહેન તેનો દિકરો જીગર મીનાને ખુશ રાખવામાં નવા નવા ઉપાયો શોધે છે. મીના ચોવીસે કલાક ગર્ભ સાથે રોમાંચ અનુભવે તેની સાથે આત્માની બોલી બોલે, આતુરતાથી પ્રસવની પીડા માટે પોતાની જાત સાથે વાર્તાલાપ કરે , તેના કુમળા હાથપગને સ્પર્શ કરવાં કાલ્પનિક આકાંક્ષામાં રાચે છે. તો કયારેય તેના અતિતથી વ્યગ્ર અને હતાશ થઈ જાય, મનોમન રુંધામણ અનુભવે છે. ભગવાનને મીનાને માતૃત્વ ધારણ કરવાનું સુખ આપ્યું પરંતુ જન્મ આપવાની બાબતે કસોટી લીધી છે. ભાગ્યની રેખામાં તમામ સુખો આપણા હાથમાં નથી હોતાં મનુષ્ય ભગવાન આગળ લાચાર હોય છે. ભયભીત મીના અચાનક વહેલી સવારે ફરીવાર યંત્રવત પરિસ્થિતિમાં મૂકયા ત્યારે તેની વાણી મૂક બને'' ગાભા જેવું, વિરવિખેર એને ફાળ પડી એણે ચારે બાજુથી ભેગું કરવાં માંડયું એને છેક છિન્નભિન્ન થઈ જતું પરંતુ એને રોકીને સાચવી લેવા માટે બાથમાં સમાવવા કોશિશ કરવા માંડી એના હાથમાં આવ્યું ઉછળીને બહાર ઘસી આવેલું ફકત એક ભીનું ડૂસકું, જે પછીથી આક્રંદ બનીને માત્ર એને જ નહિ, ચારે દિવાલોને ધ્રૂજાવી ગયું.''

(પૃ.૧૫૪, 'નારીની કથા : પુરુષની લેખિની')

મીના માનસિક તથા શારીરિકરૂપે ભાંગી પડે છે. હવે લોકોની સહાનુભૂતિ બોદી બને છે. ડૉકટર પણ ફરીવાર ગર્ભ ન ધારણ કરવાની સલાહ આપે વાસ્તવિકતા મીના સ્વીકારી લે પણ મન સાથે સમાધાન કરવું મુશ્કેલ છે. જીવનન શૂન્યતા દૂર કરવા નાની બહેન ગીતા એક બાળકથી સંતુષ્ટ છે. તેથી બીજીવાર મીના માટે ગર્ભ ધારણ કરવાનો પ્રસ્તાવ મૂકે, દત્તક બાળક લેવા કરતાં સગા લોહીનું મૂલ્ય વધારે આ માંગણી આગળ મીના પતિ પાસે હા પડાવે પરંતુ શિરીષ આવનાર પરિસ્થિતિ સામે આડકતરી રીતે લાલબત્તીનો પ્રકાશ પાડે મીના બાળક પાછળ ઘેલી થયેલી હોવાથી માં ના મમત્વને સમજતી નથી. ગીતા ગર્ભ ધારણ કરતાં તેની સારસંભાળ અર્થ બન્ને બહેનો પિયરમાં રહે છે. મીનાની મનસ્થિતિ ઉત્તેજક બને અત્યારે સુધી લોહી માંસનો આકારનો અનુભવ કર્યો છે, હવે આગંતુકનો સ્વાગત માટે પૂર્વ તૈયારીમાં જાતને વ્યસ્ત બનાવી પોતાની વેદનાને ઓગાળી દે છે. ગીતાને કયારે બાળકની પ્રસવની પીડા ઉપડે.....બાળકની કીકારીઓની આતુરતા મીના હર્ષઘેલી બને, વિધાતા આગળ લાચાર છે.'' મીનાથી બને તો અત્યારે ગીતાના પેટમાંથી એને ઉચકી લે.''

(પૃ.૧૫૯, 'નારીની કથા : પુરુષની લેખિની')

લોહી માંસમાં જીવ પડતાં ગીતાના આવભાવ બદલાય છે. એક હોય કે અનેક તેની સાથે માતૃત્વની સંવેદનાનો નવ માસનો સમયગાળો વીત્યાં પછી પિંડને સોપવું શકય નથી. મનની મથામણને અંતે ગીતા મીનાને અનાથ આશ્રમમાંથી અથવા અન્ય સ્નેહીનો બાળક લેવાનો આડકતરો મૂકે મીના હાંસીમાં વાતને ઉડાવી દે. મીના તો પોતાનું પ્રતિબિંબ ગીતાના ઉદરમાં આકાર લઈ રહયું છે તેનામાં મન વ્યસ્ત હોવાથી ગીતાની સંવેદના સમજવા માંગતી નથી. તે ગીતાના શરીરને વીંટળાઈ વળે, રોમરોમ ખીલી જાય છે. ગીતાનો મનોસંઘર્ષ દાદ માંગી લે છે. બાળક આપવું પોતાના જીવ કરતાં મોંઘું છે. નિસંતાનની રૂંધામણ મીનાના ચહેરાની લિપિ ગીતા ઉકેલતા પોતે મૌન ધારણ કરી લે છે. લેખકે બન્ને બહેનનો સંતાનને લઈ તેમણે સ્ત્રીની આંતરમનની વ્યથા ઝીણવટપૂર્વક આલેખી છે. અંતે ગીતાને લેબરરૂમમાં લઈ જતાં મીનાને વિનંતી કરે છે.

(પૃ.૧૬૦, 'નારીની કથા : પુરુષની લેખિની')

શાસ્ત્રમાં સ્ત્રીની તુલના દેવી સાથે કરી છે છતાં સમાજમાં સૌથી વધારે રીબાતી રહી છે. તેની સહનશકિતની તુલના કરી શકતી નથી. આજે નારીયુગમાં સમાનતા મળી છે. પરંતુ નિસંતાનની વેદનાથી સ્ત્રી જીવન જીવવાની આશ છોડી દે છે. સંતાનને જન્મ આપે તો પિતા કરતાં જવાબદારી વધારે, જન્મ ન આપે તો માં ન બનવાનો વળતર આપવું પડે છે. પોતાના દામ્પત્યજીવનને બચાવા દશરથ પરમારની 'અંધારું' નાયિકા ચંપા સંતાનવિહોણી ઘરમાં ઉલ્લાસ ભરવા પતિનાં મંજુ સાથે બીજા લગ્ન કરાવે છે. ઘરનું અંધારું દૂર થાય, ચંપાના જીવનમાં સદા માટે પ્રકાશ ઓલવાઈ જાય છે. લેખકે સ્ત્રીના જીવનમાં માતૃત્વ પ્રાપ્ત ન થતાં હતાશાનો શિકાર બને, તેમની જીવનમાં લાચારી ઉમેરાય છે. પતિની સાથે મંજુના શારીરિક સંબંધ સ્વીકારે પરંતુ ચંપાના મનની મનસ્થિતિ ફાનસના દીવટની જયોતિના પ્રતિકરૂપ દર્શાવી મંજુ અને ચંપાના સંવાદમાં સતત ઉજાગરા કરતી નારીની બીજી પત્નિ સાથે પતિનો સહસંબંધ કેટલો ખૂંચે છે ? વ્યવહારમાં સંયમ રાખવો અંદરથી હૃદયનો તીક્ષ્ણ ધારદાર અણી ભાવનાત્મક વલણો ધીમેધીમે ચંપાના જીવન જીવવાની જીજીવિષા ગુમાવતી જાય છે.

સ્ત્રીની સંવેદનાને સમજવી મુશ્કેલ છે. માં બનવાની અભિપ્સા સ્ત્રીને પરિતૃપ્ત કરે. આની અધૂરપથી મનમાં બળતરામાં શેકાય મંજુના સારા દિવસ રહેતાં તેનાથી પોતા જાત પ્રત્યે નફરત પેદા થાય લેખકે ચંપાના પાત્ર દ્વારા માં બનવાનો મનોસંઘર્ષ આલેખ્યો છે. ચંપાની રૂંધામણભરી જીવનની અવસ્થા શબ્દની પીંછીમાં આંકી દીધી છે.'' વરસાદનાં દિવસોમાં ઓસરીમાં અંધારું ઘબ્બ પછી....પોતાની જાતને એકદમ અંદરથી ખેંચી લીધી ઓસરી અને અંદરનું અંધારું એકાકાર થઈ જાય એ પહેલાં જોરથી કમાડ ભીંડી દીધું.

(પૃ.૨૬૨, 'નારીની કથા : પુરુષની લેખિની')

આ ત્રણેય સ્ત્રીઓ નિસંતાન છે તેમનાં જીવનની સમસ્યાં એક સરખી પરંતુ તેનો ઉકેલ અલગ–અલગ છેવટે ભાવનાત્મક મનની તાવણી દાદ માંગી લે છે. કાંતા પતિનો જડસું સ્વભાવનો સામનો કરતાં વાત્સલ્યની ભૂખી પતિ અને ઘર છોડી રામજીને અપનાવે, મીના સ્વાર્થી બની નાની બહેનનો નવજાત શિશુ પર હક્ક જમાવે, મંજું સંતાન ભૂખી પતિના બીજા લગ્ન કરાવે, જયારે ઘરનો ચિરાગ આવવાના સમાચાર સ્વીકારવા તૈયાર નથી. આ ત્રણેય સ્ત્રીઓનાં સર્જક પુરુષો છે છતાં સ્ત્રીનાં માર્મિક આંતરસંવેદનાનું સૂક્ષ્મ નિરીક્ષણ રજૂ કર્યું છે. માતૃત્વનો સંઘર્ષ સ્ત્રીનાં જીવનનો હિસ્સો છે. તેની અધૂરપ જોઈ ભગવાનની પ્રાર્થના નીકળે છે. ખોળાનો ખુંદનાર દ્યો ને રન્નદે.....'' હે ઈશ્વર દામ્પત્યજીવનમાં શેર માટીની ખોટ ન મૂકતો.''

સંદર્ભ સૂચિ

- નારીની કથા : પુરુષની લેખિની, દર્શના ધોળકિયા, હર્ષ પ્રકાશન, પાલડી, અમદાવાદ પ્રથમ આવૃતિ : ૨૦૦૫
- ૨૦૦૫ની શ્રેષ્ઠ વાર્તાઓ, વીનેશ અંતાણી, આર.આર.શેઠની કંપની, પ્રથમ આવૃતિ : ૨૦૦૫

* ડો. રમેશ સોનારા

Arts [GUJARATI]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 62 - 64
ISSN 2319 - 8168

યુગ પરંપરામાં અધિકારો માટે માયાનું બલિદાન

ગુજરાતી સાહિત્ય આજે તેની પૂરી સજજતાથી આગળ ધપી રહયું છે. મુખ્યધારાના સાહિત્યની લગોલગ અથવા તો કહી શકાય કે, એનાથી પણ મૂઠીઊંચેરુ બની રહયું છે. દલિત સાહિત્યે જીવનની વિટંબણાઓ એના સુખ દુ:ખ તેમજ છેવાડાનાં માણસના સંચલનોને એક સાંકડા પરિઘમાંથી વિસ્તૃતતા બક્ષી છે. તો જીવનની વિવિધ તરાહોને એના પૂરા પરિમાણો સાથે ખોલી આપી છે.

વર્ષોથી જે પ્રજા શોષાતી રહી છે. અશ્યપૃશ્યતાના નામે જેમની સતત અવગણના થતી રહી છે માનહાનિ થતી રહી છે. એવા શોષિત,પીડિત, દલિત વર્ગની સમસ્યાઓને વિશાળ જન સમુદાય સામે મૂકી આપવાનું કામ દલિત સાહિત્ય દ્વારા થયું છે. આ સંવેદનાઓને દલિત સર્જક એના વિવિધ સ્વરૂપે સર્જન કરે છે.

દલપત ચૌહાણ ગુજરાતી દલિત સાહિત્યમાં નામના પ્રાપ્ત સર્જક છે. તેમની કલમ નવલકથા,નવલિકા,કવિતા,ઉપરાંત નાટક જેવા દશ્યશ્રાવ્ય સ્વરૂપમાં પણ ખાસ્સુ ગજુ કાઢે છે. 'અનાર્યાવત□ તેમનો પ્રથમ નાટય સંગ્રહ છે. આ સંગ્રહમાં ત્રણેક નાટકો અનુક્રમે 'અનાર્યાવત□'અંતિમ દયેય□ અને 'પાટણને ગોંદર□ જોવા મળે છે. આ નાટકોમાં સર્જકે દલિત સમાજની આંતર બાહય ગતિવિધિનો પરિચય કરાવવાની સાથો સાથ તત્કાલીન સમય સમાજની તાસીરને પ્રગટ કરવાનો આશય રાખ્યો છે.

પાટણને ગોંદરે ઈ.સ.૧૯૮૮માં રચાયેલુ ઐતિહાસિક કથાનક પર આધારિત નાટક છે. ત્રણ અંક અને સાત દશ્યોમાં વિભાજિતઆ નાટકમાં પણ અત્યંજોની કરમ કહાણી આલેખાઈ છે. નાટકમાં નિરૂપિત પાત્રો જોતા તો એમ જ લાગે કે દીર્ઘ નાટકમાં જોઈતા કરતાં ય અહિ સવિશેષ પાત્રોને ખડકલો કરવામાં આવ્યો છે.

પ્રથમ અંકના પ્રથમ દશ્યમાં રંગમંચ પર કેટલાક ઓળાઓ રંગમંચના એક ખૂણેથી પ્રવેશ કરી ધીમે ધીમે આગળ વધે છે. દરેકના હાથમાં ઘરવખરીનો સામાન છે. ને ટોળુ ધીમેથી આગળ વધતું રંગમંચ પર આવી ઘર છાપરા બાંધી સામાન વ્યવસ્થિત ગોઠવતાં જાય છે બીજી બાજુ એક અવાજ અંત્યજ માયાના બલિદાનની ગાથા પ્રગટ કરે છે. નટ અને સૂત્રધારના સંવાદમાં અંત્યજો પર થતા જુલ્મની કહાની જોવા મળે છે. તો વળી બે ઘોડેસવારો આવીને નગરશેઠના હુકમ આજ્ઞાની વાત કરડાકીપૂર્વક કરે છે આ ઘોડેસવારો દ્વારા થતો શારિરીક અત્યાચાર દલિત પ્રજાને દયામણી બનાવી મૂકે છે.

હેમો, ખેમો, ભેમો, વાલો, ભગત અને માયો આ પાત્રો પોતાના પર થતાં અન્યાય અત્યાચારની વાતે દુ:ખી છે, ને એમાંથી છૂટવા સૌને ભેગા થવા માયો કહેતો હોય છે ત્યારે ભગત જે કહે છે તે ખરેખર વેધક છે. : રાજ આપણને એવી રીતે ભેગા થવા દેશે ? વેઠ–વારાને વેઠિયા વિના રાજ કેમ ચાલશે. એમના ખેતર કોણ ખેડશે ? કૂવા, તળાવ કોણ ગાળશે ? એમના મરેલા ઢોર, કુતરા, બિલાડા કોણ ખેંચશે ? સુતર કોણ વણી આપશે ? ૧ વેઠમાંથી છૂટવાના ઉધામા આ લોકોને મૂઝવી નાખે છે. તો બીજી તરફ સવર્ણો દ્વારા થતો બધીજ પ્રકારનો અન્યાય આ લોકોને સહન કરવો દુષ્કર બની રહેછે.

બીજા દશ્યમાં સમય ઉનાળાની બપોરનો છે ને સૂત્રધાર નટ ચાલતા જઈ રહયા છે. દલિત પ્રજા પાણી વિના ટળવળે છે નું ચિત્ર સૂત્રધાર–નટની આંખે પડે છે પાણી માટે અછૂતો નગર સુધી આવી પહોંચ્યાનું જાણ થતા જ ઘોડેસવારો છૂટે છે ને સ્ત્રીઓ–બાળકોની ચીસો ચિચિયારીઓથી આખું વાતાવરણ ગમગીન બની જાય છે. ભગત, માયો, હેમો, વાલો વગેરે પાત્રો આ ઘટનાથી હેબતાઈ જાય છે, તો સાથો સાથ અન્યાય સામે બાથ ભીડવા કટિબધ્ધ થવા તત્પરતા ય દાખવે છે.

બીજા અંકના પ્રથમ દ્રશ્યનું સ્થળ પાટણનું નાનકડું હાટ બજાર છે. સૂત્રધાર અને નટ અછૂતોને કારણે પાટણ પર ઉતરીઆવેલી આફત બાબતે સંવાદ કરતા હોય છે તેમજ રાજ દરબારમાં આ વિશે ચાલતી ચર્ચા – વિગત જાણવા છૂપી રીતે જવાનો માર્ગ કાઢ છે.

બીજી તરફ નગર શેઠ અને રાજગોર રાજા સિધ્ધરાજને અછૂતોને કારણે ધર્મનો લોપ થઈ રહયાનું તેમજ સમાજના વાડા તૂટી રહયાની ગંભીર વાત જણાવે છે એવામાં મધુગુપ્તનું આગમન થાય છે. મધુગુપ્ત પણ અછૂતોને કારણે રાજ પર ઉભી થનારી –આવનારી પરિસ્થિતિની વાત કરેછે. એટલે રાજા ગુસ્સે થઈ આવુ કરનારને પકડી લાવી ફાંસીને માંચડે લટકાવી દેવાનો હુકમ કરતો હોય છે. આવી વિકટ સ્થિતિમાં મહા અમાત્ય મુંજાલ

* આસી. પ્રોફેસર, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વસો–નડીયાદ

મહારાજાને ઉતાવળ ન કવાની શીખ આપે છે. પણ રાજા તો ભગત અને માયાને પકડી મંગાવી તેમને શૂળીએ ચઢાવી દેવા તત્પર બને છે. આ સમયે મુંજાલ આવનારી સ્થિતિનો તાગ કાઢ તા રાજાને આખોય મામલો પોતાને સોંપવા જણાવે છે. રાજા પણ આ પરિસ્થિતિનો યોગ્ય તોડ કાઢવા મુંજાલને મામલો સોંપે છે. મુંજાલ પહેલેથી રાજગોર પાસે ક્ષમા માંગી ને કાર્ય પાર પાડવા કટિબધ્ધ બને છે.

અંક બીજાના બીજા દશ્યમાં સ્થળ (પાટણ) નગરનો ચોક વિસ્તાર છે. નગરનો દાંડીવાળો નગરના સહસ્ત્રલિંગ તળાવમાં બત્રીસ લક્ષણા વીરપુરૂષનું બલિદાન અપાય તો જ પાણી ટકે, એવી જાહેરાત કરે છે. ટોળું આ જાહેરાત સાંભળી વિમાસણમાં પડેછે. અને અંદરો–અંદર વાતચીતનો દોર સંધાય છે. સૌના સુખ માટે થઈને કોઈ વીર પુરૂષ પોતાની ઈચ્છાથીબલિદાન આપે તો જ કંઈક દા'ડો વળે એવું છે. મધુગુપ્ત અને ગુપ્તચર આ આખોય ખેલ જોયા કરતા હોય છે છેવટે આવુ બધુ બનવા પાછળ લોકો તો અછૂતોને જ જવાબદાર ગણતા હોય છે. દાંડીવાળો બે ત્રણ વાર આ બાબતનો સાદ પાડે છે ને અંતેબલિદાન આપવા માયો તૈયાર થાય છે ને તેના બલિદાનનોદિવસ મહા માસની સાતમ નકકી થાય છે. આ દિવસે વીર પુરૂષ માયાનો વરઘોડો રાજમાર્ગ પર ફેરવવાનો તેમજ માયા એ જે પાંચ વરદાન રાજા પાસે માંગ્યા છે તેને ગણાવતાં દાંડીવાળો કહે છે અછૂતો હવેથી પગલું ભૂસવા કમરે ઝાંખરૂ બાંધશે નહિ, માથે ફાળકો બાંધશે નહિ, આંગડીને ત્રીજી બાંય રાખશે નહિ, પોશ.....પોશ..... બોલશે નહિ, આજથી અછૂતોને માણસ ગણવામાં આવશે.....આપણે અને અછૂતો સરખા.....સરખા રે.....સૌ સાદ સાંભળજો.....આ રાજ આજ્ઞા છે.....અમલ કરજો નહિતર રાજનો અનાદર બદલ શૂળીએ ચઢ ાવવામાં આવશે..... ૨

દાંડીવાળાનું ફરમાન સાંભળી નગરજનો અંદરો અંદર અછૂતો વિશે ચર્ચાઓ કરે છે. તેમાં પણ તત્કાલીન જન માનસનો જનસમાજનો પરિચય મળી રહે છે. અછૂતો સાથે સમાનપણે વ્યવહાર કરવાની વાત આ લોકોને ખૂંચે એ પણ સ્વભાવિક છે, તો અછૂતના લોહીથી (બલિદાન) આપેલું પાણી આપણે પીવાનું એ વાત સવર્ણો માટે કપરી બની રહે છે.

ત્રીજા અંકમાં પ્રથમ દશ્યમાં સવારનો સમય છે અને સ્થળ તરીકે અછૂત વસ્તીનો વાસ છે. અહીં ખેમો, ભેમો, હેમો, વાલો, જીવો, ભગત વચ્ચે માયાના બલિદાનની વાતની જમા–ઉધાર બાજુ ચર્ચા છે. રાજા–નગર અને સવર્ણો પ્રત્યેનો આક્રોશતો આ લોકોના સંવાદમાં પ્રગટ થાય છે. પણ એથીય વધુતો ઈશ્વર પરનો આક્રોશ અહીં જોવા જેવો છે.

વાલો : તમારી વાત સાચી છે ભગત, મારો ઉચાટ વધતો જાય છે. તમે કો એટલે મલક છોડી દેવો નકકી પછીતો ઈશ્વર જેવો ધણી છે.....

ભગત : આપણે માયાને પુંછવું પડે, એને આવવાદો, બલિદાનતો એણે આપવાનું છે, એ શું કહે છે ? પછી હરિ.....હરિ.....

ખેમો : શેનો હરિ ફરી ? આ હેમોય ઈશ્વર ઈશ્વર કરે છે ? હું પુછું છું, ભગત .....ઢેડને વળી ઈશ્વર હોય ?

ભગત : ઈશ્વર તો બધાનો હોય ખેમા, આમ કેમ બોલે છે ?

ખેમો : ઢેડને વળી ઈશ્વર હોતા હશે, હોય તો આમ ધોળે દિવસે આબરૂ લૂંટાતી ના હોય, સમજયા ભગત ? ૩

માયાના બલિદાન પછીય રાજા તરફથી ખરેખર કહેવાતા લાભો આપવામાં આવશે કે કેમ ? એનીય ચિંતા આ લોકોને સતાવી રહે છે તો બીજી તરફ માયો પણ પોતાની નાતનું ભલું થતું હોય તો તે માટે થઈને બલિદાન આપવા તૈયાર થયેલો છે. રાજાનો સિપાઈ માયાને બોલાવવા આવે છે. માયો છેલ્લે માતા–પિતા અને વાસનાં સૌને મળીને જવા તત્પર બને છે.

ત્રીજા અંકના બીજા દૃશ્યમાં સમય ભળ ભાંખળાનો છે. અછૂતોના વાસમાં લોકો જાગી ગયાછે. આજે માયાના બલિદાનનોદિવસ છે. વાલો, ભગત, ખેમો, ભીમો, વગેરે આ વિશે વાતો કરતા હોય છે ત્યાં તો, રાજાના સિપાઈઓ આવીને આખાય વાસને ધમકાવી, વરઘોડામાં કોઈએ ફરવાનું નથી, તેવો રાજ હુકમ જણાવે છે. ને કોઈ જો દલીલ કરે છે તો તેને ચાબુકથી ફટકારતા હોય છે. લોકોમાં ભય વ્યાપી જાય છે ને એટલે કોઈ માયાના વરઘોડામાં જવાની હામ ભીડતું નથી, સિપાઈઓના ગયા પછી વાલા, ભગત, હેમો, જીવો વગેરેને લાગે છે કે રાજા દગાખોર નીકળ્યો છે. તેથી હવે મલક છોડી દેવો જોઈએ. પણ ભગત મલક છોડવાની વાતે પાછા પડે છે, ને છેવટે બૈરા–છોકરા સાથે ધોકો–લાકડી લઈતળાવે જવા તૈયાર થાય છે. તે તળાવે પહોંચતા તો સવર્ણો તેમને હથિયારો સાથે જોતાં જ ભાગો.....અછૂતો ચઢી આવ્યાં છે. કહેતાં ભાગવા માંડે છે. અછૂતોની હિંમત નગરજનોની ચર્ચાનો વિષય બની રહે છે. અહીં અછૂતો દ્વારાવિદ્રોહનો જે સૂર લેખકે બતાવ્યો છે તેમાં અછૂતોની શારિરીકશકિત બાબતે કદાચ બરાબર હોય.....પરંતું માનસિક રીતે વિચારીએ તો રાજાના કટક આગળ આ લોકો ખુલ્લો બંડ પોકારે વાત જરા અતિશયોકિત પૂર્ણ લાગવા સંભવ છે.

ત્રીજા અંકમાં એટલે કે અંતિમ દૃશ્યમાં અછૂતોના હાથમાં હથિયાર અને ચારે તરફ હાકલા–પડકારના અવાજો આવ્યા કરે છે. ટેકરી પર માયાના દેહની ચિતાને બળતી જોઈને લોકો તે તરફ જવા વિચારે છે પણ તેની ફરતે મૂકેલો ચોકી પહેરો–સિપાઈઓ તેમને જવા દેતા નથી એટલે વળી પાછા આવેગ, જુસ્સો, જોર પકડે છે. છેવટે માયાના બલિદાનપછીય તળાવમાં ટીપુંય પાણી ન ફૂટતા અછૂતોના મનમાં રાજા વિશે દ્વેશ–વેર ભાવના પ્રજજવળી ઊઠે છે. ને એટલે જ તો વાલો કહેતો હોય છે સાલા રાજા એ તો આપણી જોડે દગાખોરી કરીને કયાંય વરસાદ ના આવ્યો, તળાવમાં પાણી ના આવ્યું

.....કયાંય.....માયાના બલિદાનને યાદ રાખવા આ લોકો ભગત બોલાવે તેમ પાંચેક શરતો–વરદાન માયાએ રાજા સમક્ષ મૂકયા હતાં તે બોલાવે છે ને સૌ જોશભેર બોલે છે. આ અવાજ રાજાના બહેરા કાન સુધી લઈ જવા ભગતની સાથે સૌ રાજમહેલ તરફ જવા પ્રયાણ કરે છે..... ૪

નાટકના અંતે સૂત્રધાર અને નટના પ્રવેશની સાથે નેપથ્યમાં લેખકે જે સંવાદ મૂકયો છે તે નાટકનું હાર્દ છે. જોયું ને તમે ? આ ગઈ કાલની વાત નથી, હમણાંની વાત છે. ગઈ કાલથી આજ સુધી ખેંચાઈ આવેલી વાત છે. યુગ પરંપરામાં માનવ અધિકાર માટેનો પ્રથમ આક્રોશ પ્રથમ બલિદાન હતું યુગોનો અંધાર હજી શમ્યો નથી. કબીર, રૈદાસ, નરસિંહ મહેતા, મહાત્મા ફૂલે, મહાત્મા ગાંધી, ડો.બાબા સાહેબ આંબેડકર સુધીની માનવ અધિકારની લડાઈ હજી શમી નથી. માયાનું બલિદાન પ્રથમ ભલે હોય, પણ અંતિમ નથી. હજી વીર માયાઓ જન્મશે, સિધ્ધરાજજયસિંહો તેમનાં બલિદાનો લેશે. ન જાણે આ માનવ અધિકારો માટે હજી કેટલા માયાઓનાં બલિદાન આપવા પડશે.....કેટલાં..... ? ૫

સંદર્ભ સૂચિ

⇨ અનાર્યાવર્ત –દલપત ચૌહાણ ગુજરાતદલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ પ્રથમ આવૃતિ–૨૦૦

⇨ એજન પૃ. ૬૬

⇨ એજન પૃ. ૮૬

⇨ એજન પૃ. ૯૦

⇨ એજન પૃ. ૧૦૨

⇨ એજન પૃ. ૧૦૪

* ડો. ઉષાબેન જી. પટેલ

Arts [GUJARATI]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 65 - 66
ISSN 2319 - 8168

ગુજરાતી નવલકથાનો રમણીય શૃંગ : "મળેલા જીવ"

"મળેલા જીવ" એ પન્નાલાલ પટેલની તેમજ ગુજરાતી સાહિત્યની મહત્વની કૃતિ કહી શકાય. માત્ર થોડાક જ પૃષ્ઠોમાં સમાવિષ્ટ આ નવલકથાએ ગુજરાતી સાહિત્યમાં માનવંતું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નવલકથાનો કથનવિષય, લેખકની ભાષાશૈલી અને વર્ણનકલા દ્વારા ઊંડી અસર ઉપજાવી શકનાર કલાના કસબી એવા પન્નાલાલ પટેલની આ સિદ્ધિ ગાગરમાં સમાવ્યા જેવી છે. આ જોઈએ તો આ એક પરિચિત પ્રણયકથા છે. સામાન્યતઃ પ્રણયમાં બને છે એવું જ અહિં પણ બને છે. બે પ્રણયી હૈયાના એટલે કે જીવી અને કાનજીના 'જીવ' તો અનાયાસે જ મળી જાય છે પણ 'જીવન' મળી શકતા નથી. અને છેવટે મળે છે તોય ન મળ્યા જેવા જ રહે છે. એમ કહીએ તો ચાલે.

નવલકથાના પ્રથમ પ્રકરણ **'પ્રથમ સંગાથ'** માં કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીના મેળાનું રંગીલું વાતાવરણ, તળપદા લોકજીવનનું અને મુગ્ધ પ્રણયની ઉન્માદક લાગણીઓનું ચિત્રણ કરીને લેખકે નવલકથાનો કલાત્મક, પ્રભાવશાળી અને આકર્ષક પ્રારંભ કર્યો છે. જીવી અને કાનજી અનાયાસે જ મેળામાં મળી જાય છે અને પ્રથમ દૃષ્ટિએ જ બંને એકબીજાના પ્રેમમાં પડી જાય છે. ચગડોળની પાલખીમાં મરક મરક હસતી જીવી કાનજીને પૂછે છે : **"આ પાવા તો દેખાડવા રાખ્યા છે કે વગાડવા ?"** અને કાનજી પાવામાં જાણીતી ગીતની બે લીટી વગાડે છે.

"ફાગળને વાયરે આવ્યાં જોબનિયાં,
વૈશાખી વાયરે ઉડી જતાં !

ભાવવ્યંજક એવી આ બે લીટી કાનજી પાવામાં છેડે છે અને ત્યારથી જ વવાય છે પ્રણયબીજ. મેળેથી પાછા વળતાં સંગાથમાં પ્રણય–અંકુર પ્રગટે છે અને જોતજોતામાં બીજા એકાદ મિલનમાં તો બેઉ હૈયા એક બની જાય છે. પણ ત્યાં જ એક મોટો પ્રશ્ન ઉભો થાય છે, પરનાતની કે ઉતરતી નાતની જીવીને પરણાય શી રીતે ? પ્રણય પરિણયમાં ન પરિણમે એ જ તો પ્રણયકથાનું પ્રવર્તક તત્વ છે. ને તેથી જ જીવી પ્રત્યેના પોતાના અદમ્ય આકર્ષણની હીરા આગળ કબૂલાત કરતો કાનજી પોતાની આંતરિક પ્રણયની લાગણીનો આ દોહરામાં દર્શાવે છે :

"મૂલ તારાં રે ધોરી તારે શીંગડે;
વળી ઘોડીલે કાન ટીશોર;
(પણ) શેરે અંકાય મૂલ માનવી;
તારા હૈયાં તો ઊંડા અઘોર !"

અહીં કાનજીને ઝાંઝવાના જળ સમી લાગતી જીવીને તેની જ નાતના ને પોતાના ધૂળિયાના ઘરમાં બેસાડવા હીરો સૂચવે છે. જીવી માટે લાયક નહિ એવો ધૂળો જીવી પર વહેમ રાખી એને ભારે દુઃખ આપે છે. જીવીની યાતના નહિ જોઈ શકવાથી કાનજી નોકરીનું બહાનું કાઢી ગામ છોડી ચાલ્યો જાય છે. પરિણામે જીવી વધુ દુઃખી થાય છે. એ પોતાના જીવનનો અંત લાવવા પોતાને માટે બનાવેલ ઝેરવાળો રોટલો ભૂલથી ધૂળો ખાઈ જાય છે અને એ મૃત્યું પામે છે. અહીં ધૂળા જેવા ખલનાયક સમા પાત્રનું મૃત્યું પણ અનુકંપા જગાડે છે. જીવી પોતે નિર્દોષ હોવા છતાં લોકો એને દોષી માને છે. લોકોના અનેક પ્રકારના મેણાં–કટાક્ષ અને સાસુના કડવા બોલનો ત્રાસ સહેતી તે કાનજીની સતત રાહ જોય છે. અહીં કાનજીનું પાત્ર પણ જીવીની જેમ જીવંત રીતે આલેખાયેલ જોવા મળે છે. એક તરફ પ્રેમના મધુર સ્વપ્ન અને બીજી તરફ સંસારની કટુ વાસ્તવિકતા વચ્ચે આ બંને પ્રેમીઓ સતત ભીંસાયા કરે છે.

કાનજીની યાદમાં તડપતી , એના આવવાની કાગડોળે રાહ જોતી હતી એ કાનજી આવે છે તો પણ તેને મળ્યા વિના જ પાછો ચાલ્યો જાય છે. ત્યારે જીવીને ખૂબ જ આઘાત લાગે છે. અને તે ચિત્તભ્રમની અવસ્થાને પામે છે. અહીં કથાનો કરુણરસ પરાકાષ્ઠાએ પહોંચે છે.

"પ્રથમ સંગાથ" અને **"મળેલા જીવ"** એ બે મુખ્ય બિંદુઓની વચ્ચે બે યુવાન હૈયાની વેદનાની વાત ઘૂંટાય છે, એક અનોખો સંસાર સર્જાય છે. હા, બે પ્રેમીજનોનો જ નહિ, સમગ્ર ગ્રામજનતાનો આખો સંસાર અહીં વિસ્તરે છે. કાર્તકી પૂનમના મેળામાંથી ગાંડી જીવીને કાનજી પોતાની સાથે શહેરમાં લઈ જાય છે. અંતે મેળામાંથી શરૂ થયેલી નવલકથા મેળામાં જ વિરમે છે.

આવા જ જન્માષ્ટમીના મેળામાં કાનજી અને જીવી પ્રથમવાર મળ્યાં હતા અને ત્યારે જ કાનજીએ જીવીને આવી રીતે સાથે રાખવાની હિંમત દાખવી હોત તો ? તો કદાચ નવલકથા ન સર્જાત.

* મુલાકાતી વ્યાખ્યાતા, એસ.જી. પટેલ આર્ટસ અને પી.કે. દેસાઈ કોમર્સ કોલેજ, નિઝર જિ. તાપી

અહીં કાનજી અને જીવી બે મુખ્ય પાત્રોને લેખકે જાણે રમતાં મૂકી દીધાં હોય એમ આપોઆપ વિકાસ પામ્યા છે. તેમનું વ્યકિતત્વ પણ કેટલું ઉદ્દાત્ત છે ! મનુષ્ય પોતાનું ઘણું બધું ગુમાવે છે, તેને ગુમાવતા જોઈ વાચકને વેદના થાય છે. કેમકે ગુમાવનાર વ્યકિત તરફ તેના ઉમદા ચારિત્ર્ય તથા ખમીરવંતા વ્યકિતત્વને લીધે સૌ કોઈને સહાનુભૂતિ થાય છે. ત્યારે ગુમાવ્યા પછી પણ તે માનવતાની પ્રતિષ્ઠા કરતો હોય છે. ત્યારે માનવમનની ભવ્યતા અને ભવ્ય મહાનતાનો ખ્યાલ આપે છે. **"એક પા લોહીના કોગળા તો બીજી પા વળી પ્રીતના ઘૂંટડા !"** આ વિધાન અહીં ખરેખર સાર્થક લાગે છે.

અહીં પહેલા પ્રકરણમાં થતા નાયક–નાયિકાના સુખદ મિલનથી જ વાચક કથા પ્રવાહમાં તણાવા માંડે છે. અને હવે પછી શું ? ની જિજ્ઞાશાવૃતિ વાચકના મનમાં સતત ચાલતી રહે છે. જે નવલકથાના વાંચનરસને તીવ્ર બનાવે છે. જેમ જેમ નવલકથામાં આગળ વધીએ તેમ તેમ સતત લાગ્યા કરે છે કે જે બની રહયું છે તે ન બનવું જોઈએ. જે બને છે તેથી પાત્રો તરફની સહાનુભૂતિને કારણે આપણે દુ:ખનો અનુભવ કરીએ છીએ. તેમજ લેખકે કૃતિનું શીર્ષક આપ્યું છે. **"મળેલા જીવ"** પણ અહીં તો વિખૂટા પડી રીબાતા જીવોના લગ્નપ્રેમની કરૂણાન્તિકા ટ્રેજેડી છે. અહીં સીધું સાદું જીવન નજીવા કારણસર કહો કે થોડીક નબળાઈને લીધે ભારે દુ:ખદ બની રહે છે. આ તત્વ જ **"ટ્રેજેડી"** નું મુખ્ય લક્ષણ છે. જેવી રીતે ટ્રેજેડીમાં જીવનનો હ્રાસ થાય છે, તેવું જ કંઈક અહીં પણ થાય છે. પણ એ હ્રાસને અંતે માનવતાના ભવ્ય વિજયની પતાકા લહેરાતી જોઈ શકાય છે

* ડો. કે.ડી. બગડા

Arts [GUJARATI]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 67 - 68
ISSN 2319 - 8168

કવિ બોઘાકૃત "માધવાનલ–કામકન્દલા" ચરિત્રમાં લોક સંસ્કૃતિ

દેશની બધીજ ભાષઓમાં તેમની બોલીઓમાં, તેમનું લોક સાહિત્ય છે. આ લોક સાહિત્ય એટલે લોકો ધ્વારા, લોકો માટે, લોક બોલીઓમાં અનાયાસે રચાયેલું. લોક સંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલતું અને લોકજીવન સાથે સીધું સંકળાયેલું પેઢી દર પેઢીથી ઉતરી આવેલું તે છેક પ્રાચીનકાળથી આજ સુધી ઉતરી આવ્યું છે. અને જીવંત રહયું છે.અને દીર્ઘકાળથી જીણીતું છે. અંગ્રજી શાસન–સભ્યતા–શિક્ષણ સાહિત્યના સંપર્ક અને પ્રભાવથી અંગ્રેજીમાં પ્રકાશિત કંઠસ્થ લોકસાહિત્યના પુસ્તકોની પ્રેરણાથી શરૂ થયું છે. તેને આપવામાં આવેલ ' લોકસાહિત્ય' નામ પણ નવીન છે. અંગ્રજીમાં' ફોક લિટરેચર' (Folk literature) ને અનુલક્ષીને ઘડાયું છે.' લોકકથા' શબ્દ ગુજરાતીમાં પ્રથમ વખત રુસ્તમ ખુરશેદ ઈરાની ધ્વારા ઈ.સ. ૧૮૮૫ માં યોજાયો હતો. પરંપરાપ્રાપ્ત તમામ કંઠસ્થ સાહિત્યનો બોધ કરાવે તેવો ' લોકસાહિત્ય' શબ્દ ગુજરાતીમાં સૌપ્રથમ કાકાસાહેબ કાલેલકર ધ્વારા ઈ.સ. ૧૯૨૦ માં યોજાયો હતો. ઝવેરચંદ મેઘાણી આદિ લેખકો ધ્વારા તેનો વ્યાપક પ્રયોગ અને પ્રચાર થયો હતો.

બે પ્રાચીન તત્સમ્ સંસ્કૃત શબ્દો 'લોક' અને'સાહિત્ય' ના યોગથી બનેલો આ નવીન શબ્દ તેના સ્વરૂપનું બરાબર સૂચન કરે છે. લોક સાહિત્યના સ્વરૂપોમાંની અનેક લોકવાર્તાઓ, દંતકથાઓ મળે છે. કેટલીક પરંપરાગત લોકકથાઓ–દંતકથાઓનું ચારણો–બારોટો જેવા વ્યવસાયી કથાકારો ધ્વારા સંસ્કરણ થયું છે. તેમાં નિરૂપણ પામેલ વસ્તુ–પાત્ર–વાતાવરણ કાર્ય ખૂબ જ આકર્ષણ હોય છે.અને તેમનું માધ્યમ તળપદુ ગદ્ય કેવું મોહક હોય છે કેટલીક લોકપ્રચલિત દુહાયુકત પ્રેમ કથાઓ પણ હૃદયંગમ વાર્તાઓના આકર્ષક ઉદાહરણ રજૂ કરે છે. લોક સાહિત્યની મુખ્ય વિશેષતા એ છે કે તેના વિવિધ અંગોમાં માનવી ની રહેણી–કહેણી, આચાર–વિચાર, ખાન–પાન, રીત રિવાજ તથા ધાર્મિક, સામાજિક અને આર્થિક સ્તરની અભિવ્યકિત હોય છે. લોક સંસ્કૃતિનું આલેખન જ એની મુખ્ય વિશેષતા છે.

લોકકથાઓ તથા લોકગીતોમાં મનુષ્ય–જીવનનું જેટલું સાચું અને સ્વાભાવિક વર્ણન ઉપલબ્ધ હોય છે એટલું બીજે કયાંય નથી હોતું. લોક સાહિત્ય અંતર્ગત લોકકથા, લોકગીત, લોકનૃત્ય આવે છે. આ લોકસાહિત્ય લોકોના સુખદુ:ખ, હર્ષ–વિષાદ, ઉત્સાહ–ઉલ્લાસ તથા આશા–આકાંક્ષઓની સાથે સંબંધ રહે છે. લોકોમાં પ્રચલિત અંધવિશ્વાસો, લોક પ્રચલિત મુહાવરા, લોકોકિતઓ સુધી લોક સાહિત્યમાં લોક–મંગલની ભાવના ચરિતાર્થ થતી જોવા મળે છે. સંસ્કૃતિ શબ્દની ઉત્પતિ વૈયાકરણોના મતે'સમ' ઉપસર્ગ પૂર્વક 'કૃ' ધાતુમો 'કિતન્' પ્રત્યેય લાગવાથી થાય છે. એનો ભાષાકીય અર્થ થાય છે. પુરું કરવું, શુધ્ધિ, પરિષ્કાર, નિર્માણ, પવિત્રીકરણ, આચરણગત, પરંપરા, સંસ્કૃતિ આપણા સંસ્કાર કરે છે. એટલે જ રૈતિક ગુણોથી વિભૂષિત છે.

બોઘાકૃત 'માધવાનલ કામકન્દલા' એક લોક કથા છે. લોક કથાઓનો મુખ્ય ઉદેશ વિશ્વાસ, બુધ્ધિ અને તેજસ્વિતામાં વૃધ્ધિ કરવાનો હોય છે. કવિએ ભાવોના પ્રવાહમાં એક લોકકથાના માધ્યમથી કહીને સામાજિક આચાર–વિચાર પ્રતિ પોતાની વાત કહેવાનો પ્રયત્ન કર્યો છે. યુગકાલીન રાજાઓ સામે બોઘાએ રાજા વિક્રમના રૂપમાં એક એવા રાજાનો આદર્શ રાખેલ જો જન–સમાજની ભાવનાઓનું ધ્યાન સરખાવનારા, જાતિકુશળ, ચાતુર્યપૂર્ણ રાજનીતિની સામે રાખવાવાળા તથા વિજ્ઞજનોને સન્માનિત કરવાવાળા હોય, પ્રતિવ્રતા સ્ત્રીની જે ઓળખાણ ભારતીય માનીનું અંગ છે એનો પરિચય કવિના કાવ્યમાં લીલાવતીના માધ્યમથી આપણી સમક્ષ ખડું થાય છે. આ રચનામાં નિરૂપિત આદર્શ રૂપના ચિત્રણ કવિગણ સમાજના બનતા અંગ જોવા ઈચ્છે છે. એક આદર્શ કથાઓના વર્ણન કરવાથી કયાંક તેના પર યુગીન પ્રભાવ પણ જોવા મળે છે. એનું કારણ એ છે કે કવિ પોતાના સમાજને કાપીને સમાજને પરિષ્કાર નથી કરતા.

કવિ બોઘાને દરબારમાં સુભાન નામની વૈશ્યા સાથે પ્રેમ થયેલ એ વાતની મહારાજને જાણ થતાં બોઘાને એક વર્ષ દેશનિકાલની સજા કરે છે. આ સમય દરમિયાન બોઘાએ કેટલાક રાજયોની યાત્રા કરેલ અને સુભાનના કહેવાથી વિરહવારીશ નામના પ્રબન્ધની રચના બોઘાએ કરી. અનેક રાજયોના પરિભ્રમણના અનુભવે કવિને વ્યાપક બનાવે છે. એની ઝાંખી 'માધવાનલ કામકન્દલા' માં જોવા મળે છે. કવિ યાયાવર વૃતિના હતા. તેમનું કાવ્ય સર્જન પ્રેમ સંબંધી વિશ્વાસોની પ્રબળ સ્થાપના કરે છે. એમાં લોક–મર્યાદા, સામાજીક જાતિ,રાજનીતિ, તત્કાલીન

* ઈ.ચા. આચાર્યશ્રી, શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર

જીવનની ઝલક, યુધ્ધનીતિ,વગેરેનું વર્ણન મળે છે. બોઘાનું સર્જન રાજયાશ્રયથી બહાર નીકળી લોકાશ્રયમાં પરિણમે છે. તેનું લોકજીવન સાથે સીધું તાદાત્મ્ય છે. લોકોમાં પ્રચલિત વાર્તાઓની એક વિસ્તૃત પરંપરા છે. એ વેદોમાંથી પ્રાપ્ત થાય છે. એ પરંપરા થોડાક પરિવર્તન સાથે ઉપનિષદ, રામાયણ, મહાભારત, બૌધ્ધ તથા જૈન સાહિત્યમાં થયેલ છે. વાર્તાઓમાં સિંહાસન બત્રીસી, વૈતાલ પચ્ચીસી, માધવાનલ કામકન્દલા, કથાસાર, દરવેશ, હિતોપદેશ, માધવ વિનોદ, શુકબાહોતરી વગેરે જાણીતી વાર્તાઓ સાથે રાખવા જેવી રચનાઓ છે. પ્રારંભની કથાઓમાં લક્ષ મનુષ્યના અનુભવને સમૃધ્ધ કરે છે.

વાર્તાઓમાં જીવનનું સત્ય અને જિજ્ઞાસાઓના શમનની અભિવ્યકિત હતી. વાર્તાઓના આ પ્રારંભિક રુપ લોકકથાઓના રૂપમાં વિકાસ થયેલ છે. માધવાનલ કામકન્દલાની કથાનો અનેક કવિઓએ પોતાની રચનાનું માધ્યમ બનાવ્યું છે. ૧૬મી સદીથી ૧૯મી સદીના પ્રારંભના દશક સુધી ગણપતિ, કુશલલાભ, આલમ, અજ્ઞાત, દામોદર–હરિનારાયણ બોઘા આદિ કવિઓએ આ રચનાને પોતાનું માધ્યમ બનાવ્યું છે. તે જ આ કથાની લોકપ્રિયતાનું મુખ્ય કારણ બની રહે છે. આ કથા હિન્દીમાં ઘણા કવિઓએ રચી હતી. પરંતુ સૌથી પહેલા ઈ.સ. ૧૬૪૦ માં આલમે 'માધવાનલ કામકન્દલા' ના નામથી દોહા, સોરઠા અને ચોપાઈઓમાં આ કથા છંદોબધ્ધ કરેલી.

માનવીની સંસ્કૃતિને અભિવ્યકત લોકકથા કરે છે. કવિ બોઘા રચિત આ કથા કાલીદાસ, સિંહાસન બત્રીસી, વૈતાલ આદિ ધ્વારા કહેવાઈ છે. આ કથા બોઘા મહારાજ ખેતસિંહને સંભળાવે છે. લૌકિક પ્રેમની સ્થાપના તથા પ્રેયસી સુજાનની પ્રાપ્તિ માટેના પ્રયાસમાં કવિએ લોક કથાનો આશ્રય લીધો છે. આ એક એવી લોક કથા છે જેનો ઐતિહાસિક દ્રષ્ટિએ અનુસંધાન થયેલ છે. શ્રી કૃષ્ણ સેવક કટની ધ્વારા માધવાનલ પુષ્પાવતી (વર્તમાન) વિલહરી તથા કામકન્દલા કામાવતી (વર્તમાન) ડાંગરગઢ નિવાસી હતા. વિક્રમાદિત્ય તેજમુકિત (બુંદેલખંડ) ના રાજાની ઉપાધિ હતા તેઓ શૈવ હતા. બનારસ સાથે એમનો સંબંધ હતો. અકંદરે આ કથાની મહત્તા એના લોક પ્રચલિત રુપને કારણે વિશેષ છે. બોઘાએ આ કથાને સુંદર કલ્પના કરી કાવ્યના સુન્દર રૂપ પ્રદાન કરેલ છે.

આ કથા માધવ અને કામમન્દલાના પ્રેમ તથા તેના સુખી જીવન સાથે સંબંધ ધરાવે છે. બોઘાએ એમાં કલ્પનાના રંગો ધ્વારા લીલાવતીને પણ આ કથા સાથે જોડી આપે છે. બોઘા સુભાનના માધ્યમથી મહારાજને સંભળાવે છે. એટલે આ કથા ' વકતા–શ્રોતા' યુગ્મના રુપ પ્રદાન કરે છે. આ રચનામાં માધવ બ્રાહમણ અને કામકન્દલા વૈશ્યાના પ્રેમની ગાથા છે. આ વીર વિક્રમની અનેક વાર્તાઓમાંની એક છે. કયાંક લોકોમાં પ્રચલિત વાર્તાઓમાં માત્ર વિક્રમજીતનું નામ રહી ગયેલું છે. માધવ અને કામકન્દલા પણ લુપ્ત થઈ ગયા છે. આ લોક પ્રચલિત વાર્તા તથા પાત્રાનુભવને કારણે બોઘા કવિ વૃજના આત્માથી તાદાત્મ્ય સ્થાપે છે. આ લોકકથા, લોકસુભાષિત, પહેલિયો, રાગ–રાણગીઓ, મૃત્યુ અર્થાત્ત આ બધા જ તત્વોથી સંપન્ન છે. કહેવાય છે કે બોઘા લોકજીવનથી વિશેષ પ્રભાવિત થયેલા હતા.

સામાન્ય રીતે સહ–શિક્ષણ તથા સ્ત્રીની સ્વતંત્રતા તેની શિક્ષા તથા લોક કલા દક્ષતા હઠીલી સ્ત્રીનું ચિત્રણ નિષ્ઠાવાન વૈશ્યા, સામાન્ય શિક્ષાનો પ્રચાર ખૂબ જ ઉગ્ર તથા સ્વાતુભૂત પ્રેમ અથવા વિશ્વાસઘાતએ મુખ્ય અભિપ્રાય છે.

ઉપરોકત ઉકિત પરથી એટલું ફલિત થાય છે કે કઠોર પરિશ્રમ અને કર્મ (ભાગ્ય)નો સમાન મહત્વ છે. કવિ પરિશ્રમને વિશેષ મહત્વ આપે છે. તેમનો નાયક નિરંતર કન્દલાની પ્રાપ્તિ તરફ હંમેશા પ્રયાણ કરતો જોવા મળે છે. તો વળી સાથોસાથ કવિ કર્મ (ભાગ્ય)ને પણ એટલું જ મહત્વ આપે છે. અનેક પૌરાણિક કથાઓ ધ્વારા અહીં ભાગ્યની મહિમાનું વર્ણન છે. સુત્રરૂપમાં વર્ણવાયેલ વાર્તા ધ્વારા બોઘા માધવ કથાનો આધાર પ્રદાન કરે છે. સામાજિક, રાજનીતિક, નીતિપરક,ઉકિતપોંથી સાંસ્કૃતિક પરંપરાને પુષ્ટ કરે છે. સાથે પ્રેમ સંબંધી વિશ્વાસ પણ સ્થાપિત કરે છે.

સારાંશ રૂપમાં બોઘાના માધ્યમથી એટલું કહી શકાય કે ગમે તેવી પરિસ્થિતિમાં માનવીને વાણી વ્યવહાર કરતી વખતે ખૂબ જ સમજી વિચારીને બોલવું જોઈએ કે કહેવું જોઈએ નહીતર ગુજરાતીમાં કહેવત છે કે'' સાપે છછુંદર ગળ્યા'' જેવું થાય.

લોક કથાઓની એ વિશેષતા છે કે તે પરિસ્થિતિના પરિપ્રેક્ષ્ય અર્થાત સમાન પરિસ્થિતિનમાં બધા ઉપર સમાન પ્રભાવ બતાવે છે. ઉપર મુજબ વર્ણવાયેલ કથાઓ મુજબ બોઘાને વામનઅવતાર,અયોધ્યાનાથ,વગેરે અનેક કથાઓના વર્ણન કર્યા છે.કવિ બોઘા પ્રેમામ ચાતક હતા પરંતુ એ કહેવું પડે કે આ પ્રેમની મોજ તથા પ્રેમી હૃદયને કારણે કે યુગીન કાવ્યના શૃંગાર સંપન્ન હોવાને કારણે તેઓ સમાજના નજીક સંબંધ સ્થાપિત કરી શકે તો યોગ્ય ગણી શકાય નહિ. વિરહતા દુઃખને ધારણ કરેલ હોવા છતાં પણ સહજતાથી તેમણે લોકજીવનથી પોતાના નજીકતા પ્રસ્થાપિત કરી છે.એજ કવિના સચેતન દ્રષ્ટિકોણ ના કારણે સંભવ બની શકયું છે. સમ્રગતઃ બોઘાને લોકજીવનની સપ્રમાણતાથી યુકત કહી શકાય એમ છે.

સંદર્ભ ગ્રંથો

- ⇨ બૃહદ હિન્દી કોશઃ સંપાદક – કાલિકા પ્રસાદગુપ્ત.
- ⇨ ભારતીય સંસ્કૃતિ ઔર સાંસ્કૃતિક ચેતના : રામખેલાવન પાંડેય.
- ⇨ ભારતીય સંસ્કૃતિની તાત્વિક ભૂમિકા : મૂકુન્દરાય દુર્લભજી કૌટેચા – યુનિ ગ્રંથનિર્માણ ગુજરાતરાજય
- ⇨ રચના અને સંરચનાઃ હરિવલ્લભ ભાયાણી – આર. આર. શેઠની કંપની અમદાવાદ–૩૮૦૦૦૧.

* ડો. ડી.વી. ગોહિલ

Arts [HISTORY]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 69 - 71
ISSN 2319 - 8168

સરદારસિંહ રાણાના રાષ્ટ્રીય નેતા સાથેના સંબંધો

૧. શ્યામજી કૃષ્ણવર્મા :

ગુજરાત રાજયના કચ્છ પ્રદેશના માંડવી ગામમાં સને ૧૮૫૭ના ઓકટોબર માસની તા.૪થી એ શ્યામજી કૃષ્ણ વર્માજો જન્મ સ્વાતંત્ર્ય યુધ્ધના આ વરસમાં સારાયે ભારત વર્ષમાં જે આઝાદીની હવા લહેરાતી એવી સ્વાતંત્ર્ય ભાવના એમના વિચારમાં પ્રસરી ગયેલ મુંદ્રા તાલુકો અને માંડવી તાલુકાના સમુદ્રકાંઠાના પ્રદેશને કાઠી કહેવામાં આવે છે. સોપારી અને શ્રીફળ , ખલેલાં, ખારેક ફળોથી લચી પડતા, આ નંદનવન સમા પ્રદેશની ઉદાત્તતા અને સ્વાતંત્ર્ય ભાવના શ્યામજી કૃષ્ણવર્માના વિચરોમાં ધબકતી.[૧૫]

ઈગ્લેન્ડની બાલીપોલ કોલેજ કેમ્બ્રીજના તેઓ ગ્રેજયુએટ અને તે બાદ તેઓ કાયદાની પરીક્ષા પાસ કરી બેરીસ્ટર થયા.

બાલ્યકાળથી જ ભારતીય સંસ્કૃતિ તેમના લોહીમાં વણાઈ ગયેલ. જીવનના પ્રત્યેક ક્ષેત્રે ક્રાંતિના સર્જક ઋષિ દયાનંદ તેઓના પ્રેરણાસ્ત્રોત હતા.

ઈગ્લેન્ડમાં અભ્યાસ પૂરો કરી શ્યામજી કૃષ્ણવર્મા ભારત આવ્યા. સારાએ ભારત દેશનો અભ્યાસ, પરિસ્થિતિની જાણકારી માનવસંપર્ક, આ બધા માટે તેઓએ સારાય હિન્દુસ્તાનનો પ્રવાસ કર્યો.

આ પ્રવાસ દરમિયાન અંગ્રેજોની જોહૂકમી, ભારતવાસીઓની ગુલામી, હિંદીઓનું અંગ્રેજો દ્વારા શોષણ, આ તમામ બાબત શ્યામજી કૃષ્ણવર્માના વિચારોમાં બળતામાં ઘી હોમાયા બરોબર ભાગ ભજવ્યો. આ પ્રવાસ તેઓએ ૨૦ વરસની ઉમરે જ કર્યો હતો. એટલે કે સને ૧૮૭૭ માં.[૨]

આ પ્રવાસ દરમિયાન એમણે ભારતીય અર્થકારણ રાજકારણ અને સમાજ સુધારા સહિત રાજકારણમાં થવા જોઈતા ફેરફારોને ખ્યાલ પ્રચાર દ્વારા લોકોમાં કર્યો. સને ૧૮૮૨માં ગ્રેજયુએટ થયા સને ૧૮૪૪માં કાયદાની પરીક્ષા પસાર કરી બેરીસ્ટર થયા.

આ પછી ભારત આવી તેઓએ જૂનાગઢ અને ઉદેપુર રાજયના દિવાન જેવા ઉચ્ચ હોદા ઉપર નોકરી કરી. ઉદયપુરના શૌર્ય અને ક્ષત્રિયતાનો ઈતિહાસ શ્યામજી કૃષ્ણવર્માનુ હંમેશ પ્રેરણાદાયી બનતો. પરંતુ તેઓના ઉદામ અને સ્વતંત્ર વિચાર તે વખતના ભારતનાં વાઈસરોય અને ઉદયપુરના રેસીડેન્ટ કરઝનવાઈલીને ખૂંચતા આને કારણે તેઓએ શ્યામજી કૃષ્ણવર્માને ઉદયપુરની નોકરી છોડાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો.

ઉદયપુર અને જુનાગઢ રાજયની નોકરી કરતા કરતા તેઓએ ભારતવર્ષમાં અંગ્રેજોની સત્તા નીચે ગુલામ અવસ્થામાં જીવવું એ પાપ છે, આવુ અનેક સાથીદારોને સમજાવી પોતાના વિચાર રજુ કર્યો. સને ૧૮૯૭માં તેઓ ઈગ્લેન્ડ ગયા.

ભારતવર્ષમાં બેરીસ્ટર થઈ આવ્યા પછી દિવાન જેવા ઉચ્ચ હોદા ઉપર રહયા છતાં તેઓ બરાબર સમજતા હતા કે દિવાનપદું એ પણ ઉચ્ચ હોદાનું નામ અને મોટા પગાર મળવા છતાં તે અંગ્રેજોની કારકુની સિવાય બીજું કશું નથી. આથી ભારત વર્ષમાં દસ–અગીયાર વરસ રહયા તે ગૂંગળામણમાં જ વિતાવ્યા.[૩]

વિદેશી ઓની એડી નીચેથી આદેશને મુકત કરવા ક્રાંતિ અનિવાર્ય ગણીને તે માટે આજીવન ઝઝૂમતા રહેલા શ્યામજી કૃષ્ણવર્મા વિશેનું આ દેશનું અજ્ઞાન તો કોઈપણ વિદેશીને નવાઈ પમાડે તેવું છે. કારણ કે કોઈપણ રશિયન કે આયરિશ, કોઈપણ તૂર્ક, અફઘાની કે ઈરાની સૌપ્રથમ શ્યામજી વિશે જાણવા માગે એટલી તેની એ અને અન્ય દેશોમાં ખ્યાતિ હતી. ભારતીય ક્રાંતિના એ આર્તદ્રષ્ટા જ નહિ પરંતુ સ્વપ્નદ્રષ્ટા પણ હતા. એ વીર સાવરકર, મેડમકામા, સેનાપતિ બાપટ, લાલા હરદયાળ બોમ્બની ફોર્મ્યુલા સર્વ પ્રથમ ભારતમાં લાવનાર હેમેન્દ્રરોય વગેરેની ક્રાંતિદીક્ષા તેમને જ આભારી હતી.[૪]

ઈન્ટ ટેમ્પલમાં સરદારસિંહ રાણાની શ્યામજી સાથે મુલાકાત થઈ. શ્યામજી ટિળકના રાજનૈતિક મતથી પ્રભાવિત હતા. વીરચંદ ગાંધીના અહિંસા વિશેના તેઓ આલોચક હતા. પાપીઓને મારવા માટે શસ્ત્રને આવશ્યક માનતા હતા.

હર્બટ સ્પેન્સરના અવસાન બાદ તેમણે ૧૦૦૦ પાઉન્ડનું અનુદાન ઓકસફર્ડ વિશ્વ વિદ્યાલયને આપ્યું હતું અને તેમની પ્રથમ પુણ્યતિથિ વખતે હર્બટ સ્પેન્સર છાત્રવૃતિની જાહેરાત કરી. ઈગ્લેન્ડમાં આવી અભ્યાસ કરવા માંગતા ભારતીય વિદ્યાર્થીઓને ૨૦૦૦ પાઉન્ડ દર વર્ષે છાત્રવૃતિની યોજના કરી અને બીજી છાત્રવૃત્તિ પોતાના ગુરૂ અને પથદર્શક સ્વામી દયાનંદની સ્મૃતિમાં જાહેર કરી શ્યામજી પોતે સંસ્કૃતના પ્રખર પંડિત હતા. દયાનંદ સરસ્વતી અને તેમની વચ્ચે સંસ્કૃતમાં થયેલ પત્રવ્યવહાર આજે

* અધ્યાપકશ્રી, એન.એમ. ભુતા આર્ટસ કોલેજ, શિહોર

પણ ઉપલબ્ધ છે.[૫]

આ છાત્રવૃતિ સ્વીકારના વિદ્યાર્થી માટે એક આવશ્યક રાહત હતી કે પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો બાદ બ્રિટીશ સરકાર કે તેના અંતર્ગત ભાગ રહી કોઈપણ પદ કે લાભ પ્રાપ્ત કરી શકશે નહિં. તેમને પસંદ ન હતું કે ભારતનો પ્રતિભાશાળી યુવાન ગોરાઓની ગુલામી કરે.

'ઈન્ડિયા હાઉસ' ના ઉદ્‌ઘાટકમાં ઘણા અંગ્રેજો અને ભારતવાસીઓએ ભાગ લીધો તેમાં દાદાભાઈ નવરોજી, લાલા લજપતરાય, મેડમ ભીખાજી કામા, રાયજાદા હંસરાજ, મી. હિન્ડમેનને ઉદ્‌ઘાટન કરતા કહ્યું 'ઈગ્લેન્ડ પ્રત્યે નિષ્ઠા દેખાડવી તે ભારત પ્રત્યે ગદ્દારી કરવા બરાબર છે. "દરેક નેતાનું લક્ષ્ય ભારતની સ્વતંત્રતા છે. તેની તેઓને પ્રશંસા કરી."[૬]

ઈગ્લેન્ડમાં શ્યામજી વર્માએ સુખચેનની નિંદર ન લીધી. રાત–દિવસ, પોતાના લક્ષ્યે પહોંચવા તેઓ પ્રયત્નશીલ હતા. આ પ્રકારના તેમના વિચાર અને કાર્યવાહીના ફલસ્વરૂપ, સને ૧૯૦૫માં તેઓ અને તેમના મિત્રોએ મળી ઈન્ડિયા હોમરૂલ સોસાયટીની સ્થાપના કરી.

આ મંડળનો હેતુ ભારતમાં અંગ્રેજોના સામ્રાજયવાદી શાસનને ખુલ્લુ પાડી ભારતને તેઓની નાગચુડમાંથી મુકત કરાવવાનો હતો. આ માટે જગતના લોકોને ખરી સ્થિતિથી માહિતગાર કરી, લોકમત ભારતની પ્રજાની તરફેણમાં લાવવા કેળવવાનો હતો.

આ માટે એક નાનું કે મોટું પણ વર્તમાનપત્ર જરૂરી હતું. જો પોતાનું જ વર્તમાનપત્ર હોય તો તેમાં પોતાના વિચારો મુકત રીતે આપી શકાય. બીજાના આધાર ઉપર બેસી રહેવાની સ્થિતિ ટાળી શકાય. આ તમામ બાબતોના ઊંડા વિચાર પછી, લંડનમાંથી જ 'ઈન્ડિયન સોશ્યોલોજીસ્ટ' નામનું નાનું એવું વૃતપત્ર તેમણે શરૂ કર્યું. આ પત્ર દ્વારા તેમણે ઈગ્લેન્ડ અને બહારની દુનિયામાં પ્રચાર કર્યો કે અંગ્રેજોએ ભારતની રાજસત્તા ભારતના લોકોના હાથમાં સોંપવી જોઈએ.

સને ૧૮૫૭નાં ભારતનાં સ્વાતંત્ર્ય યુધ્ધને અંગ્રેજોએ સિપાહીઓના બળવા તરીકે જગત સમક્ષ ઓળખાવવા પ્રયાસ કર્યો. ભારતીય પ્રજા ઉપર તે યુધ્ધ દરમિયાન અને તે બાદ કરેલ જુલ્મ, અમાનુષી કૃત્યોને છુપાવી, જગતની પ્રજાની આંખમાં ધૂળ નાખવા ખોટી ઉપજાવી કાઢેલી વાતો વહેતી કરી કે ભારતના કેટલાક લોકોએ સિપાહીઓને ખોટું સમજાવી અંગ્રેજો અને તેના બાલ–બચ્ચા અને સ્ત્રીઓની ક્રૂર હત્યાઓ કરી હતી.

આ તમામ બાબતોની સાચી વાત જગત સમક્ષ મુકવા માટે, શ્યામજી કૃષ્ણવર્મા અને તેના સાથીદારોએ સને ૧૮૫૭ નો જંગ સ્વાતંત્ર્ય માટેનું યુધ્ધ હતું. નહિ કે સિપાહીઓનો બળવો, જુલમો ભારતીયો નહિ, પરંતુ અંગ્રેજોએ કરેલા. આ માટે સાચી સ્થિતિથી જગતની પ્રજાને જાણકાર બનાવવા માટે તેની ઉજવણી કરવા નકિક કર્યું અને તે રીતે ઉત્સવ શાનદાર રીતે લંડનમાં ઉજવવા પણ આવ્યો.

શ્યામજી કૃષ્ણવર્મા અને સરદારસિંહ રાણા અને તેના સાથીદારોના આ તમામ પ્રયાસોથી અંગ્રેજો ચોંકી ગયા. શેફટસલરી એવન્યુંના એક ભારતીય રેસ્ટોરન્ટમાં સને ૧૯૦૫ ના મે માસની ૯ મી તારીખે, ધામધૂમથી ઉજવણી કરી. એટલું જ નહિ પરંતુ પછી તો દર વરસે આની ઉજવણી કરવાનો નિશ્ચય કર્યો અને તે મુજબ પ્રસંગ ઉજવવા લાગ્યા. [૯]

પ્રચારને વધુ વેગવંત બનાવવો એ જરૂરી હતું. આ માટે વધારે માણસોની, તે પણ કેળવાયેલ પોતાની વિચારધારાવાળા, ધ્યેયનિષ્ઠ માણસોની જરૂર હતી. આ ત્રુટી પુરી કરવા તેઓએ ભારતીય વિદ્યાર્થીઓને, પ્રવાસ શિષ્યવૃત્તિઓ આપવાનો નિર્ણય કર્યો. આ માટે નાણાંકીય ગોઠવણ કરવામાં આવી. આ શિષ્યવૃત્તિ યોગ્ય ને જ મળે તે માટે, પસંદગી સમિતિની રચના કરી. પ્રવાસમાં શું શું બાબતોનો પ્રચાર કરવાનો છે તે તૈયાર કરવામાં આવ્યું. આ શિષ્યવૃત્તિઓ વિદ્યાર્થીઓ ઉપરાંત, લેખકો, પત્રકારો વગેરેને પણ આપવા નિર્ણય કર્યો. યુરોપ, અમેરિકા અને દુનિયાના બીજા દેશોમાં, પ્રચાર ઝૂંબેશ ઉપાડવાના નિર્ણયનો સારો આવકાર મળ્યો.

આ નિર્ણયથી તેઓને કેટલાક મહત્વના સાથીઓ મળ્યા. સ્વાતંત્ર્ય વીરસાંવરકર, લાલાહરદયાલ, મદનલાલ ધીંગરા આવા ઘણા સાથીઓ મળ્યા જેઓએ ભરતમુનિને પોતાના જીવનનું વ્રત સમજીને પુરી લગનથી અનન્ય નિષ્ઠાથી સર્વના ભોગે કાર્ય ઉપાડી લીધું.[૯]

આ બધાને કારણ ઈન્ડિયા હાઉસ ક્રાંતિકારીઓનું કેન્દ્ર બની ગયું. ક્રાંતિકારી પ્રવૃત્તિનો ધમધમાટ ઈન્ડિયા હાઉસમાં ગાજી ઉઠયો. કાર્ય વેગવંત બનાવવા રાત દિવસ પ્રયાસ થવા લાગ્યો.

તેઓની આ પ્રવૃત્તિથી અંગ્રેજ સરકાર અજાણ નહોતી. આ પ્રવૃત્તિનું શું પરિણામ આવે ? તે વિચારતા બ્રિટીશ સરકાર ચોકી ઉઠી એટલે નિર્ણય લેવાયો કે ગમે તેમ કરી, આ પ્રવૃત્તિ ડામી દેવી જોઈએ. તેના આગેવાનોએ ખાસ કરી શ્યામજી કૃષ્ણવર્માને પકડી જેલના સળીયા પાછળ ગોંધી દેવા જોઈએ.[૧૦]

શ્યામજીનો જગતના વિવિધ દેશોના સ્વાતંત્ર્ય પ્રેમીઓ સાથેનો સંપકૃ રહયો હતો. દુનિયામાં બનતી ઘટનાઓથી તે અજ્ઞાન નહોતા. એક વિચારશીલ ક્રાંતિકારીને શોભે તેવી રીતે તે ઘટનાઓનું મૂલ્યાંકન કરતા માલ્ટા, ઈજિપ્ત, જર્મની, ચીન વગેરે દેશોના અગ્રણીઓ સાથે પત્રવ્યવહાર, જિનિવામાં સ્વિસ ફેડરેશન' ની બેઠકમાં જાગૃત લોકોને ઉદબોધન વગેરેથી તેનો ખ્યાલ આવે છે."

૧૯૧૯ ની ૮ જાન્યુઆરીએ તેમણે અમેરીકાના પ્રમુખ વિલ્સનને પત્ર લખ્યો તેમાં 'લિંગ ઓફ નેશન્સ' ના ઉપક્રમે ૧૦,૦૦૦ ફ્રાંકની વ્યાખ્યાન માળાની તેમણે ઓફર કરી. આવો જ બીજો પત્ર 'લીગ ઓફ નેશન્સ' ના અધ્યક્ષને પણ લખ્યો. આશ્ચર્યની

વાત એ છે કે આ બંને દરખાસ્તનો અસ્વીકાર થયો ?
૧૯૨૧માં 'જિનિવા પ્રેસ એસોસિએશન' ને ૧૦,૦૦૦ ફ્રાંકની મદદ કરવા, આ સદૈવ પત્રકારનો આત્મા દોડયો.
લોકમાન્ય ટિળકના અવસાનના સમાચારથી શ્યામજી ખિન્ન થયા. માંડલે જેલમાંથી ટિળકના છુટકારા પછી તેમને શ્યામજી એ નિરાપદ આરોગ્યની વાંછના કરતો પત્ર લખ્યો. ભારતમાં કદાચ આ એક જ સમવયસ્ક નેતા એવા હતા જેમણે શ્યામજીના કાર્યોને યથોચિત્ત સન્માનિત કર્યા હતા. તેમનું ગૌરવ કર્યુ હતું. લોકમાન્યના દેહાવસાન નિમિત્તે સ્મારક વ્યાખ્યાન માટે 'અસહકાર આંદોલન વ્યાખ્યાનમાળા' નો વિચાર તેમણે મહાત્મા ગાંધીને લખી જણાવ્યો. ગાંધીજીનો કોઈ પ્રત્યુત્તર મળ્યો નહિ. ગાંધીજી ૧૯૦૬–૦૭ માં લંડનમાં શ્યામજીએ મળેલા ડૉ. પી.જી.મહેતાને પછીથી ગાંધીજીએ એ વિશે લખેલું. પંડિત શ્યામજી કૃષ્ણવર્માની સાથે મેં ઘણો વાદવિવાદ કર્યો છે.[૧૨]
તેમના માર્ગથી હુ ભયભીત બની ગયો અને બેસી ગયો. શ્યામજી પંથનું હાનિકારક સ્વરૂપ મેં 'ઈન્ડિયા હાઉસ' માં જઈને જોયું છે. ભારત ભવનની આસપાસનું વાતાવરણ હળાહળ ઝેરથી ભરેલું છે. 'શકય છે કે પોતાના મત માટે ગાંધીજીએ શ્યામજીના પ્રસ્તાવ તરફ ધ્યાન ન આપ્યું હોય.[૧૩]
આજ પ્રકારે સને–૧૯૧૪માં અંગ્રેજોએ જર્મનીને હરાવ્યું. જેથી જર્મનીમાં રહી શકાય તેમ ન હોવાથી જર્મન છોડી સ્વીટ્ઝર્લેન્ડ જીનીવામાં જઈ ત્યાં વસવાટ કરવો પડયો. સ્વીટ્ઝર્લેન્ડ કોઈ રાષ્ટ્ર હોવાને બદલે, તટસ્થ રાષ્ટ્ર તરીકે હંમેશા રહેતું આવ્યું હોવાથી તે સ્થળ સિવાય બીજી જગ્યાએ જવું ઉચિત જણાયું નહિ.[૧૪]
જિનિવામાં રહી શ્યામજી કૃષ્ણવર્મા ભારત સાથેના સંબંધો જાળ વી શકતા હતા. ડૉ.ચંપકરામન અને બીજાઓ સાથે પણ જીનીવામાં મળત રહ્યા. ઉપરાંત ભારત અને બીજા દેશોના સંપર્ક પણ ચાલું છે.
જીવનની છેલ્લી પળ સુધી તેઓએ ભારતની આઝાદી માટેના પ્રયાસો ચાલુ રાખ્યા કામમાં ભલે વગ ઘટયો હોય, છતાં વિચાર મંદ પડયો નહોતો, ઉત્સાહ ઘટયો નહિ.
આ રાષ્ટ્ર ભકત જીનીવા સ્વીટ્ઝર્લેન્ડમાં દેશનિકાલની સ્થિતિમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી રહ્યા. સને ૧૯૩૦ના માર્ચની ૩૦ તારીખે આ મહાન દેશભકતે છેલ્લા શ્વાસ લઈ આ ફાની દુનિયા છોડી.
શ્યામજી કૃષ્ણવર્માના મૃત્યુ બાદ તેમના વતનના ગામ માંડવી કચ્છ અને ખાસ કરીને માંડવીના પ્રજાએ શ્યામજી કૃષ્ણવર્માની કાયમી યાદ રહે. તેમની પ્રેરણામૂર્તિ પોતાની નજર સમક્ષ રહે.[૧૫]

સંદર્ભસૂચિ

- ગોહિલ હરિસિંહજી અખુભા, માનવી મરજીવા, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૦૩ પૃ. ૧૦૪
- પટેલ મગુભાઈ રા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો અને તેના ઘડવૈયાઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ – ગુજરાત રાજય, પૃ. ૭૭૧.
- એજન. પૃ. ૭૭૧, ૭૭૨ , ૭૭૩
- માનવી મરજીવા, પૃ. ૧૦૪ પૃ. ૧૦૫ પૃ. ૧૦૬ પૃ. ૧૦૮
- પંડયા, વિષ્ણુ, પંડયા, ડૉ. આરતી, ગુજરાતના ક્રાંતિતીર્થો, પ્રકાશન, સમાંતર ૨૬ સાકેત રો–હાઉસ, મેમનગર, અમદાવાદ, પૃ. ૨૨૭, ૨૨૮.

* માતંગી દવે

** ચેતન ઘટાડ

Arts [LIB. & INFO.SC.]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 72 - 74
ISSN 2319 - 8168

માહિતી પુનઃપ્રાપ્તિમાં થિસૉરસનો ઉપયોગ

થિસૉરસ એ પારિભાષિક શબ્દોનો એક એવો કોષ છે જે સામાનાર્થી પદો અથવા તો શબ્દસમૂહોની વિભાવનાઓનું સ્પષ્ટીકરણ કરે છે. અને અસ્પષ્ટ વિચારોની રજૂઆત માટે કોઈ ચોકકસ વિકલ્પ અથવા તો વૈકલ્પિક પદની પસંદગીમાં મદદરૂપ બને છે. આમ, થિસૉરસ માહિતી અને ઉપયોગકર્તાઓ વચ્ચે 'Switching Language' નું કાર્ય કરે છે.

પ્રસ્તાવના :

આપણે વર્તમાન યુગને માહિતીના યુગ તરીકે ઓળખીએ છીએ. માહિતી ટેકનોલોજીના આ યુગમાં ઉપયોગકર્તાઓ તેમની જોઈતી સૂક્ષ્મ માહિતી સુધી ઓછામાં અછા સમયમાં પહોંચી શકે તે માટે માહિતી કેન્દ્રો કે ગ્રંથાલયોમાં માહિતીનો સંગ્રહ, પ્રક્રિયા અને પુનઃપ્રાપ્તિની કામગીરી કરવામાં આવે છે. માહિતીની પુનઃપ્રાપ્તિ માટે ગ્રંથાલય સૂચિ મહત્વનું સાધન છે. અલબત્ત તેમાં કેટલીક મર્યાદાઓ રહેલી છે. એટલે જ માહિતી પુનઃપ્રાપ્તિમાં સૂચિ કરતાં નિર્દેશીનું મહત્વ વધી જાય છે. માહિતી પુનઃપ્રાપ્તિના સંદર્ભમાં નિર્દેશીકરણની પ્રક્રિયામાં 'શબ્દભંડોળ નિયંત્રણની પ્રયુકિત' તરીકે વિષયની મથાળાની યાદીઓ, વિવિધ વર્ગીકરણ પદ્ધતિઓ અને થિસૉરસ મહત્વની ભૂમિકા નિભાવે છે. થિસૉરસ પારિભાષિક શબ્દોનો અથવા તો વૈકલ્પિક શબ્દોને અંકુશમાં રાખતું સાધન છે.

અર્થ :

થિસૉરસ શબ્દ મૂળ ગ્રીક ભાષામાંથી આવેલો છે. જેનો અર્થ ખ જાનો (Treasury) અથવા જ્ઞાનનો ભંડાર (Storehouse of Knowledge) એવો થાય છે.

The Oxford English Dictionary' માં જણાવ્યા મુજબ,

"A treasury or storehouse of Knoledge as a dictionary encyclopedia or the like."

Webster's Dictionary માં જણાવ્યા મુજબ,

"A book of words or of information about particular field or of a set of concepts or a dictionary of synonyms." શબ્દનો ગ્રંથ અથવા વિશિષ્ટ ક્ષેત્રની માહિતી આપતો ગ્રંથ અથવા વિભાવનાઓની હારમાળા વિશિષ્ટ રીતે સમાનાર્થી શબ્દોનો શબ્દકોષ.

વ્યાખ્યા :

Dictionary of Information Technology માં દર્શાવ્યા મુજબ,

"Collection of words, not in alphabetical order like a dictionary or encyclopedia, but under certain headings."

D.J.Foscett :

''થિસૉરસ એ શબ્દોની વર્ણાનુક્રમ યાદી છે. જેમાં દરેક સંબંધિત પદને અલગ અલગ રીતે નોંધવામાં આવે છે.''

FID :

'' થિસૉરસ એ માહિતી પુનઃપ્રાપ્તિ પદ્ધતિઓના ઉપયોગ માટે વૈચારિક રીતે સામ્ય ધરાવતાં પદો દર્શાવતી પદોની નિયંત્રિત યાદી છે.''

Encyclopedia of Library and Information Science :

"Thesaurus is a controlled and dynamic vocabulary of semantically and generally related terms which covers a specific domain of knowledge."

'' થિસૉરસ એ ભાષાશાસ્ત્રીય સંબંધિત અને સામાન્ય રીતે સંબંધિત પદોનો નિયંત્રિત અને ગતિશીલ શબ્દભંડોળ છે. જેમાં જ્ઞાનના કોઈ એક વિશિષ્ટ ક્ષેત્રને આવરી લેવામાં આવે છે.''

ઉપરોકત વ્યાખ્યા પરથી કહી શકાય કેથિસૉરસમાં એક વિશિષ્ટ વિષયને કેન્દ્રમાં રાખવામાં આવે છે. એ વિશિષ્ટ વિષયના પદોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે. તેમાં એક જ વર્ગના પદો એક સાથે આવે છે. તેમજ તેમાં પદોનું અર્થ સંબંધિત નિયંત્રણ પણ હોય છે. વળી, આ શબ્દભંડોળ ગતિશીલ છે. કારણ કે તેને માટે જો સતત પુનરાવર્તનની નીતિને

* LIBRARIAN, Swami Sahajanand Group of Colleges, Bhavnagar.
** Assi. Librarian, Swami Sahajanand Group of Colleges, Bhavnagar.

અનુસરવામાં આવે તો તેમાં નવી વિભાવના દર્શાવતા પદોની સતત વૃદ્ધિ કરી શકાય છે.

થિસૉરસના ઉદ્દેશો / હેતુઓ :

૧. સંબંધિત વિષયક્ષેત્રમાં જે–તે વિષયના હાર્દ માટે દર્શાવેલ પદોના આંતરિક સંબંધ દર્શાવી, સંજ્ઞા દ્વારા તેનું માર્ગદર્શન આપી તેને ઉપયોગી બનાવવા.

૨. નિર્દેશીકરણકારને અનુક્રમણિકા બનાવવા માટે અધિકૃત શબ્દોની યાદી પૂરી પાડવી.

૩. સમાનાર્થી શબ્દો પૈકી કયાં શબ્દોને સ્વીકૃત માનવામાં આવેલ છે. તેનાથી નિર્દેશીકરણકાર અને શોધકને માહિતગાર કરવા.

૪. વિભાવના સૂચક પદો વચ્ચે રહેલા સંબંધોનો નિર્દેશ કરવો.

૫. થિસૉરસના ઉપયોગથી માહિતી શોધમાં પ્રાપ્તિ પ્રમાણ (Recall Ratio) અને ચોકસાઈ પ્રમાણ (Precison Ratio) વિશેષ માત્રામાં પ્રાપ્ત થઈ શકે છે.

૬. પદો વચ્ચેના શબ્દાર્થ વિષયક સંબંધો દર્શાવે છે.

૭. વિભાવના સૂચક પદોના સંદર્ભમાં જૂની વિભાવનાઓ અને નવી વિભાવનાઓને પરસ્પર સાંકળી લેવી.

થિસૉરસનું મહત્વ અને ઉપયોગિતા :

માહિતી સંગ્રહઅનેપુનઃપ્રાપ્તિનાસંદર્ભમાં પરિભાષનો ઉપયોગ ૧૯મી સદી દરમ્યાન પ્રચલિત બન્યો છે. વેરવિખેર પડેલી માહિતીને એક જગ્યા પર એકત્રિત કરવાનું કાર્ય થિસૉરસ કરે છે. ચોકકસ વિષયના વિભાવના સૂચક પદોની રજૂઆત દ્વારા નિશ્ચિત શબ્દભંડોળ પુરું પાડેછે. વૈકલ્પિક પદોની પસંદગીમાં ઉપયોગકર્તાઓ માટે કોઈ ચોકકસ વિભાવના સૂચક પદની પસંદગીમાં મદદરૂપ થાય છે. વિષય મથાળાની વિવિધ યાદીઓ અને વિવિધ વર્ગીકરણ પદ્ધતિઓએ બન્નેની શબ્દભંડોળ નિયંત્રણ મર્યાદાઓ થિસૉરસ દૂર કરે છે. ઘણા વિભાવના સૂચક પદો એવા હોય છે કે વિવિધ વિષયક્ષેત્રના સંદર્ભમાં તે અલગ–અલગ રીતે પ્રયોજાય છે. કયારેક આવા વિભાવના સૂચક પદોની જોડણી એક જ હોવા છતાં તેના ઉચ્ચારોમાં ભિન્નતા રહેલી હોય છે. તેથી ઉલટું કયારેક તે વિભાવના સૂચકપદના અર્થ અલગ–અલગ થતા હોય છે. આમ, વિભાવના સૂચકપદોની આવી વિસંવાદિતા થિસૉરસ દૂર કરે છે. માહિતી અને ઉપયોગકર્તા કે સંશોધક વચ્ચે સંપર્ક સ્થાપવા માટે 'મેચીંગ પોઈન્ટ' તરીકે થિસૉરસ પાયાની ભૂમિકા ભજવે છે.'Switching Language' કે 'Switching Mechanism' નું કાર્ય થિસૉરસ દ્વારા થાયછે.

થિસૉરસ તૈયાર કરવામાં વપરાતા સંબંધદર્શક પદોની સમજૂતિ :

UNSIST માર્ગદર્શિકામાં થિસૉરસમાં વપરાતા વિવિધ વિભાવાનસૂચક પદો વચ્ચે રહેલા સંબંધની રજૂઆત માટે જ ટૂંકાસરી ઉપયોગામાં લેવામાં આવે છે તે અંગેની સમજૂતી નીચે મુજબ આપવામાં આવી છે.

SN(Scope Note) (વ્યાપ્તિનોંધ અથવા અર્થવ્યાપ્તિ)

અહીં, વિભાવાનસૂચક પદને જરૂર જણાય ત્યાં વ્યાખ્યાબધ્ધ કરવામાં આવે છે અથવા તો વિભાવનાસૂચક પદ વિશે વિસ્તૃત નોંધ આપવામાં આવે છે. જેને વ્યાપ્તિનોંધ અથવા અર્થવ્યાપ્તિ કહે છે.

TT(Top Term) (સર્વોચ્ચ પદ)

વિભાવનાસૂચક પદોનાં સંદર્ભમાં સૌથી વિશાળ વિભાવનાની રજૂઆત 'સર્વોચ્ચપદ' દ્વારા કરવામાં આવે છે.

BT(Broarder Term) (બૃહદ પદ)

વિભાવનાસૂચક પદ વચ્ચે રહેલા વિસ્તૃત સંબંધનો નિર્દેશ કરવા માટે 'બૃહદપદ'નો ઉપયોગ કરવામાં આવે છે.

NT (Narrower Term) (સીમિત પદ)

વિભાવનાસૂચક પદો વચ્ચે રહેલા સૂચિત અર્થનો નિર્દેશ કરવા માટે અથવા તો ગૌણ પ્રકારના સંબંધોનો નિર્દેશ કરવા માટે 'સીમિત પદ'નો ઉપયોગ કરવામાં આવે છે.

RT(Related Term) (સહસંબંધદર્શક પદ)

સામાનાર્થી કે વિરુધ્ધાર્થી ન હોય તેવાં પરંતુ પરસ્પર સંબંધ ધરાવતા વિભાવનાસૂચક પદ વચ્ચે રહેલા સંબંધની રજૂઆત માટે 'સહસંબંધદર્શક પદ' નો ઉપયોગ કરવામાં આવે છે.

See (જુઓ)

થિસૉરસમાં રજુ કરવામાં આવેલ વિભાવનાસૂચક પદ પૈકી માન્ય વિભાવનાસૂચક પદ તરફ જવા માટેનો નિર્દેશ કરવા 'જુઓ' નો પ્રયોગ કરવામાં આવે છે.

(See Also) (વળી જુઓ)

એક કરતાં વધુ વિભાવના સૂચકપદના નિર્દેશ માટે 'વળી જુઓ'નો પ્રયોગ કરવામાં આવે છે.

Use (Used term) (આ પદનો ઉપયોક કરેલ છે.)

વિભાવના સૂચકપદનો ઉપયોગ દર્શાવવા માટે નો પ્રયોગ કરવામાં આવે છે.

UF (Used For) (ને માટે ઉપયોગ કરેલ છે.)

આભાસી સમાનાર્થી અથવા નહીં પસંદ થયેલા પદની રજુઆત માટે નો પ્રયોગ કરવામાં આવે છે.

SU(See Under) (ના પદ હેઠળ જુઓ)

કોઈ વિભાવના સૂચકપદ અંતર્ગત વિવિધ સંબંધોની રજુઆત અન્યસ્થ કરવામાં આવી હોય ત્યારે નો પ્રયોગ કરવામાં આવે છે.

EX.

Table of Contents

UF : Outline
SN : One or Several pages in the front matter of a publication. describing
the content of the work, arranged by section and chapters and
functioning as an outline of the work following.
BT : Front Matter
NT : Chapers
RT : Content

માહિતી પુનઃપ્રાપ્તિમાં થિસૉરસનો ઉપયોગ :

માહિતી સંગ્રહ અને પુનઃપ્રાપ્તિમાં, નિર્દેશીકરણની પ્રક્રિયાના ભાગરૂપે, શબ્દભંડોળ નિયંત્રણના કાર્ય માટે થિસૉરસ એક સાધન તરીકે ભૂમિકા ભજવે છે. વૈકલ્પિક પદોની પસંદગીમાં ચોકસાઈયુકત વિભાવના સૂચક પદની પસંદગી કરવા માટે થિસૉરસ વ્યાપક સ્તર પર શબ્દભંડોળ પુરું પાડે છે. કોઈ ચોકકસ વિભાવનાસૂચક પદ જે તે વિષયનાં સંદર્ભમાં બીજા સંબંધિત પદ સાથે કેવા પ્રકારનો સંબંધ ધરાવે છે તે થિસૉરસ દ્વારા જાણી શકાય છે.

માહિતી પુનઃપ્રાપ્તિની પ્રક્રિયામાં પ્રલેખોમાં રજૂ થતાં વિષય અને ઉપયોગકર્તાઓના રસના વિષયની મેળવણી માટે કોઈ ચોકકસ વિષયદર્શક પદની પસંદગી કરવાની હોય તેવા સંજોગોમાં શબ્દભંડોળ નિયંત્રણ દ્વારા વૈકલ્પિક પદોની પસંદગી માટે મદદરૂપ બને છે.

વિષયમાળાની યાદીઓ અને વર્ગીકરણ પદ્ધતિઓની વિવિધ મર્યાદાઓને થિસૉરસ દૂર કરે છે. તેથી ઉપયોગકર્તાને ઈચ્છિત સૂક્ષ્મમાં સૂક્ષ્મ માહિતી સરળતાથી થિસૉરસના ઉપયોગ દ્વારા મેળવી શકાય છે. થિસૉરસ નિર્દેશીકરણ માટે વિવિધ આડ સંદર્ભો દર્શાવીને ચોકકસ વિભાવનાસૂચક પદ સુધી પહોંચવામાં દિશાસૂચન કરે છે. અને તેથી જ કહેવાય છે કે ''વિષયનું જ્ઞાન ઓછું હોય પરંતુ નિયંત્રિત શબ્દભંડોળ ની યોગ્ય જાણકારી હોય એ નિર્દેશીકાર માટે ઈચ્છનીય છે.''

ટુંકમાં, નિર્દેશીકરણની પ્રક્રિયામાં થિસૉરસ નીચેની બે મહત્વની કામગીરી કરે છે.

– પ્રલેખમાં રજૂ થયેલ વિષયવસ્તુને ખાત્રીપૂર્વક પુનઃ રજૂ કરે છે.

– નિર્દેશીકાર દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વિભાવનાસૂચક પદોને માન્ય શબ્દભંડોળના સ્વરૂપમાં જાળવી રાખે છે.

સંદર્ભસૂચિ

- ડૉ. ચારણ, શિવદાનભાઈ, સંદર્ભ અને માહિતી સેવા. પ્રકાશન ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લી. સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા, પ્રથમ આવૃત્તિ, મે–૧૯૯૨
- ઠાકર ઉર્મિલા, નિર્દેશીકરણ પ્રક્રિયા, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ, પ્રથમ આવૃત્તિ–૨૦૦૦
- દવે માતંગી, પુસ્તક પ્રકાશન અને વિક્રયનો થિસૉરસ (લઘુ શોધનિબંધ) વર્ષ : ૧૯૯૬–૯૭
- Kent. Allen and Lancour Harold, Encyclopedia of Library and Information Science, New York, Marcel Dekker, 1969.
- Riaz, Muhammed, Modern Techniques of Documentation and Information Work, New Delhi, Atlantic Publishers and Distributors, 1989

* Ms. Arpita Christian ** Dr. Bigi Thomas

Arts [RURAL]
Research Zone India
Vol. 2 Issue - (4)
Sept. - 2014 Page - 75 - 79
ISSN 2319 - 8168

POWER AS AN INDICATOR OF EMPOWERMENT AMONG ADOLESCENT GIRLS

Introduction

Different national and international organizations have shown interest in child and adolescent participation in socio-cultural activities. This is largely due to the ratification of the Convention on the Rights of the Child (CRC). Section 3 of the Convention on the Rights of the Child emphasizes on several key aspects of participation.4 Participation can indicate many different things in different circumstances and contexts. In its most basic sense, "adolescent participation can be defined as adolescent's partaking in and influencing processes, decisions and activities." In the Convention on the Rights of the Child, participation is a legal right of all adolescents and an end in itself. Because it is a right, it is an inalienable entitlement, not a matter of charity. However, is a right, not an obligation ? Therefore, participation must always be voluntary and never coerced. One of the universal disadvantages of women that are commonly cited is their under-presentation in the decision making positions and lack of involvement in decisions in many important spheres. This has been traced primarily to the historically preferential treatment given to boys and men in a broad range of life matters such as decision making authority. In fact, the International Conference on Population and evelopment (ICPD, 1994), has been considered a major breakthrough insofar it emphasized the more defined framework of women's role in population policy and in general development concerns and identification of gender equality, equity, and women's concerns in the context of population and development. To address this concerns of the advancing women, ICPD established a consensus on two fundamental basic points; first, that the empowering women is an important end in itself, not only as a human right but also as a potential to enhance human well-being, and second that empowering women and improving their status are essential ingredients of realizing the full potential of economic, political and social development and ensuring sustainable development.5 Empowering women is usually represented by the participation of women in certain activities such as holding of managerial and administrative positions and the seats in parliament and other elective positions, since these positions are related to higher levels of decision making. But, this does not give the true picture of the empowerment scenario. Women's participation, especially of the adolescent girls in their day to day life is an important yet often neglected area when we look at empowerment indicators.

The Dynamics of Power and Empowerment

